**GJVD010081532017**

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૨૩–૧૧–૨૦૧૭ |
| કેસ નોંધ્યા તારીખ | ૨૩–૧૧–૨૦૧૭ |
| કેસ નિકાલ તારીખ | ૧૧–૦૯–૨૦૨૪ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૬ ૦૯ ૧૯ |

<u>નમુના–અ</u>

| <u>વડોદરાના મહે. છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેદબશ્રી ની કોર્ટમાં, મુકામઃ વડોદરા.</u> | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૧૧/૦૯/૨૦૨૪ |
| કેસ નંબર | સેશન્સ કેસ નં.૧૬૩/૨૦૧૭ |
| જજમેન્ટ આંક | ૧૧૬ |
| ગુનાની વિગત | |
| ગુનાની કલમ | ઈ.પી.કો. કલમ–૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ |
| પ્રથમ માહીતી એહવાલ સંખ્યા | ફર્સ્ટ ગુ.ર.નં.૨૯/૨૦૧૭ |
| પોલીસ સ્ટેશન | લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. એ.પી.પી. શ્રી અતુલભાઈ વ્યાસ |
| આરોપીપક્ષ | આકાશ ઉર્ફે માનીયા ડોન ઉર્ફે ખાન હસમુખભાઈ આડતીયા<br>ઉ.વ.૨૦, ધંધોઃ અભ્યાસ,<br>રહે. ડી–૧૬, અવની પાર્ક સોસાયટી,<br>ગોત્રી રોડ, વડોદરા. |
| રજુઆત | વિ. વકીલ શ્રી કે.જી.કુકરેજા |

## નમુના–બ

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧૪.૦૭.૨૦૧૭ |
| પ્રથમ માહીતી અહેવાલની | તા.૧૪.૦૭.૨૦૧૭ |
| આખરી અહેવાલની તારીખ | તા. ૨૩.૧૧.૨૦૧૭ |
| તહોમતનામાની તારીખ | તા.૦૬.૦૧.૨૦૧૭ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૦૨.૦૨.૨૦૧૮ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા.૦૫.૦૯.૨૦૨૪ |
| ચુકાદાની તારીખ | તા.૧૧.૦૯.૨૦૨૪ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## નમુના–ક

ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી

અ. ફરીયાદી પક્ષ

| સાહેદ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ જીતુભાઈ રૂપસીંગ મકવાણા | ૧૧ |
| ૨. | પંચ સાહેદ સુરેશચંદ્ર કમળાશંકર પંડ્યા | ૧૩ |
| ૩. | પંચ સાહેદ અલ્પેશ સાવંતભાઈ જારીયા | ૧૬ |
| ૪. | પંચ સાહેદ ભાવેશ અર્જુનસિંહ ચૌહાણ | ૧૮ |
| ૫. | પંચ સાહેદ મેહુલ પુનમભાઈ પરમાર | ૧૯ |
| ૬. | પંચ સાહેદ દેવેન્દ્રસિંગ દર્શનસીંગ | ૨૭ |
| ૭. | પંચ સાહેદ વિષ્ણુ રમેશચંદ્ર શર્મા | ૨૯ |
| ૮. | પંચ સાહેદ હસમુખભાઈ રમણભાઈ પ્રજાપતિ | ૩૨ |
| ૯. | પંચ સાહેદ ચેતનભાઈ હસમુખભાઈ | ૩૫ |
| ૧૦. | પંચ સાહેદ જીતેન્દ્રભાઈ ભયલાલભાઈ પઢીયાર | ૩૭ |
| ૧૧. | પંચ સાહેદ રામભાઈ માલદેવભાઈ ઓડેદરા | ૩૯ |
| ૧૨. | સાહેદ નગમાબાનુ આસીફશા ફકીર | ૪૫ |
| ૧૩. | સાહેદ સબાનાબીબી આશીફશા ફકીર | ૪૬ |
| ૧૪. | સાહેદ આશીફશા ગફુરશા ફકીર | ૪૭ |
| ૧૫. | સાહેદ મુકેશ ઓમપ્રકાશ શર્મા | ૪૮ |
| ૧૬. | ડૉ. વૈશાખીબેન યશવંતરાય શુક્લ | ૫૦ |
| ૧૭. | પોલીસ સાહેદ રાજેન્દ્રસિંહ જીતસિંહ ચાવડા | ૫૩ |
| ૧૮. | પોલીસ સાહેદ ઉમેશભાઈ ચીમનલાલ ઉપાધ્યાય | ૫૫ |
| ૧૯. | પોલીસ સાહેદ પ્રભુદાસ પરસોત્તમભાઈ વસાવા | ૬૧ |
| ૨૦. | પોલીસ સાહેદ સંદિપભાઈ શંકરભાઈ કલમકર | ૬૨ |
| ૨૧. | ફરીયાદી સુશીલ જગદેવપ્રસાદ યાદવ | ૬૭ |
| ૨૨. | સાહેદ ગયાપ્રસાદ રામગરીબ યાદવ | ૭૦ |

| | | |
|---|---|---|
| ૨૩. | સાહેદ ચંદ્રભાન ગયાપ્રસાદ યાદવ | ૭૩ |
| ૨૪. | સાહેદ સંજય ભોલાપ્રસાદ યાદવ | ૭૪ |
| ૨૫. | સાહેદ રમેશભાઈ તુલસીરામ યાદવ | ૭૫ |
| ૨૬. | પોલીસ સાહેદ પ્રભુદાસ પરસોત્તમભાઈ વસાવા | ૮૦ |
| ૨૭. | પોલીસ સાહેદ હસમુખભાઈ ધીરજભાઈ મયાત્રા | ૮૪ |
| ૨૮. | તપાસ કરનાર અમલદાર રઘુરાજસિંહ ઈન્દ્રસિંહ જાડેજા | ૮૭ |
| ૨૯. | તપાસ કરનાર અમલદાર નરસિંહભાઈ આત્મારામભાઈ વાઘેલા | ૧૦૪ |

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૧૨ |
| ૨. | આરોપીની શરીર સ્થિતી/મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું | ૧૭ |
| ૩. | કપડા કબ્જે કર્યાનું પંચનામું | ૨૦ |
| ૪. | ડીસ્કવરી પંચનામું | ૨૮ |
| ૫. | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું. | ૩૦ |
| ૬. | સી.સી.ટી.વી. ફુટેજની સી.ડી. કબ્જે કર્યાનું પંચનામું | ૩૬ |
| ૭. | મરણજનારના કપડા તથા બ્લડ સેમ્પલ કબ્જે કર્યાનું પંચનામું | ૩૮ |
| ૮. | શબ પરિક્ષણ માટેની યાદી | ૫૧ |
| ૯. | શબ પરિક્ષણ રિપોર્ટ | ૫૨ |
| ૧૦. | લોગબુકના ઉતારાની નકલ | ૫૪ |
| ૧૧. | વર્ધી રજીસ્ટરના ઉતારાની નકલ | ૫૬ |
| ૧૨. | તપાસ ડેપ્યુટ હુકમ | ૬૩ |
| ૧૩. | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ | ૬૪ |
| ૧૪. | અસલ ફરીયાદી | ૬૮ |
| ૧૫. | તપાસ સોંપ્યાની યાદી | ૮૧ |
| ૧૬. | ફોટોગ્રાફ | ૮૨ |
| ૧૭. | આરોપીનો શર્ટ કબ્જે કર્યાનું પંચનામું | ૮૫ |
| ૧૮. | સી.સી.ટી.વી.ના ફોટોગ્રાફ્સ | ૮૯ |
| ૧૯. | એફ.એસ.એલ.ને કરેલ યાદી | ૯૦ |
| ૨૦. | જી.ટી.પી.એલ. કંપનીના મેનેજરને કરેલ યાદી | ૯૧ |
| ૨૧. | કોલ ડીટેઈલ મેળવી આપવા લખેલ રિપોર્ટ | ૯૨, ૯૩ |
| ૨૨. | મુદ્દામાલ રવાનગી નોંધ | ૯૪ |
| ૨૩. | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મળ્યાની પહોંચ | ૯૫ |
| ૨૪. | મુદ્દામાલ સી.સી.ટી.વી. ફુટેજ તથા આરોપીના ફોટા એફ.એસ.એલ.માં મોકલ્યાની રવાનગી નોંધ | ૯૬ |
| ૨૫. | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મળ્યાની પહોંચ | ૯૭ |

| | | |
|---|---|---|
| ૨૬. | સ્ટેશન ડાયરીના ઉતારાની નોંધની ખરી નકલ | ૧૦૫,૧૦૬ |
| ૨૭. | સ્થળ પરિક્ષણ અહેવાલ | ૧૦૭ |
| ૨૮. | સી.સી.ટી.વી. ફુટેજ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર | ૧૦૮ |
| ૨૯. | મુદ્દામાલનો બાયોલોજી તથા સીરોલોજી તપાસણીનો અહેવાલ | ૧૦૯ |
| ૩૦. | ગુનાવાળી જગ્યાનો નકશો | ૧૧૦ |
| ૩૧. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૧૧૧ |
| ૩૨. | મુદ્દામાલ પરિક્ષણનો અહેવાલ તથા ફોરવર્ડીંગ પત્ર | ૧૧૨ |

## – જજમેન્ટ –

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ કલાક ૨૦–૦૫ વાગ્યા પહેલા વડોદરા શહેર ભાયલી વાસણા રોડ પર આવેલ પ્રિયા ટોકીઝ પાસેથી મરણજનાર સુરજભાન ગયાપ્રસાદ યાદવ નાઓ અપંગ (દિવ્યાંગ) હોય તેણે પોતાના એક્ટીવા (ટ્રાઈસીકલ) સ્કુટર નં.જી.જે.૦૬.આઈ.સી.૦૧૬૭ ની પાછળ આકાશ ઉર્ફે માનીયા ડોન ઉર્ફે ખાન હસમુખભાઈ આડતીયા (આરોપી) નાઓને બેસાડી તેમના ઘરે મુકવા જવા નિકળેલ તે દરમ્યાન ગોત્રી રોડ, અમીન પાર્ટી પ્લોટ નજીક, ઈસ્કોન હાઈટ્સ પાછળ આવેલ ઈન્દીરાનગર ઝુંપડપટ્ટીની પડતર જમીનમાં સુરજ યાદવે તેનું એક્ટીવા સ્કુટર પેશાબ કરવા માટે રોકેલ ત્યારે, સુરજ યાદવ સ્કુટર ઉપર બેસેલ હાલતમાં પેશાબ કરતો હોય અને દારૂના નશામાં પેશાબ કરતાં કરતાં આરોપીને ગાળો બોલેલ જે આરોપીથી સહન ન થતાં આરોપીએ તેની પાસેના ચપ્પુનો ઘા સુરજ યાદવને ડાબી છાતીના ભાગે મારી તેનું મોત નિપજાવી, મરનારનું એક્ટીવા ચલાવી રોડ ઉપર લઈ જઈ અમીન પાર્ટી પ્લોટ પાસે મુકી નાશી જઈ, ગુન્હો કરેલ. આ મતલબની ફરીયાદી, ફરીયાદીએ લક્ષ્મીપુરા પોલિસ સ્ટેશનમાં આપતા પોલિસે સદર ગુનો ફર્સ્ટ ગુ.ર.નં.૨૯/૨૦૧૭ થી ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ ગુનો નોંધાયેલ છે.

(૨) ફરીયાદીની ફરીયાદીના અનુસંધાને લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન તરફથી સદર ગુનાની ફરીયાદી દાખલ કર્યા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરી, તપાસ દરમ્યાન આરોપી સામે ઉપરોક્ત મુજબના ગુનો બનવા પામતો હોઈ, આરોપીની અટક કરી તેની વિરૂદ્ધ કાયદેસરની પોલીસ તપાસ દરમ્યાન પુરતા પુરાવા મળી આવતા, આરોપી સામે ગુનો બનતો હોય, સદર ગુન્હાનું ચાર્જશીટ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ રજુ થયેલ .ત્યારબાદ સદર કેસ કમીટ થઇ અત્રેની કોર્ટમા આવતા ઉપરોક્ત જણાવેલ સેસન્સ કેસ નંબરથી નોંધવામાં આવેલ છે.

(૩) બાદમાં આરોપી કોર્ટ સમક્ષ રજુ થતાં તેને ચાર્જશીટ સાથેનાં તમામ પોલીસ પેપર્સની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ મુજબ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપી વિરૂધ્ધ આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવી શકાય તેટલાં પુરતાં પુરાવાઓ હોય, જેથી મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના ગુનાઓ અંગે આંક–૦૬ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૭ થી નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ ચલાવવા માંગણી કરેલ છે. જેથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) નમુના–ક માં જણાવ્યા મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતાં તેમજ વિ.એ.પી.પી.શ્રીએ ફરીયાદીપક્ષનો પુરાવો બંધ કરવા આંક–૧૧૮ ની પુરાવા બંધની પુરસીશ રજૂ કરી પોતાનો પુરાવો બંધ જાહેર કરતા આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, તેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી, વિષેશમાં જણાવે છે કે, તે તદ્દન નિર્દોષ છીએ, ખોટી રીતે સંડોવી

દીધેલ છે, તેને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી અતુલ વ્યાસની વિગતવાર મૌખીક દલીલો સાંભળવામાં આવી તથા આરોપી તરફે વિ. વકીલશ્રી કે.જી.કુકરેજાએ આંક–૧૧૫ થી લેખીત દલીલો રજુ કરેલ છે, જે વંચાણે લીધી.

(૬) ફરીયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી અતુલ વ્યાસે એવી દલીલ કરેલ છે કે, આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે તમામ દસ્તાવેજી પુરાવા ફરીયાદીપક્ષ ધ્વારા જે તે સાહેદોના પુરાવાથી પુરવાર કરી આંકે પડાવેલ છે. વિશેષમા જણાવેલ છે કે આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોક્ત પુરાવાથી શંકારહીત પુરવાર કરેલ હોય તેને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

(૭) બંન્ને પક્ષકારોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા અને બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમા લેતા આ કેસના ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**– મુદાઓ –**

૧. શું ફરીયાદપક્ષ શંકારહીત પુરવાર કરે છે કે તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ કલાક ૨૦–૦૫ વાગ્યા પહેલા વડોદરા શહેર ભાયલી વાસણા રોડ પર આવેલ પ્રિયા ટોકીઝ પાસેથી મરણજનાર સુરજભાન ગયાપ્રસાદ યાદવ અપંગ (દિવ્યાંગ) હોય તે પોતાના એક્ટીવા (ટ્રાઈસીકલ) સ્કુટર નં.જી.જે.૦૬.આઈ.સી ૦૧૬૭ ની પાછળ આરોપીને બેસાડી તેના ઘરે મુકવા જવા નિકળેલ તે દરમ્યાન ગોત્રી રોડ, અમીન પાર્ટી પ્લોટ નજીક,

ઈસ્કોન હાઈટ્સ પાછળ આવેલ ઈન્દીરાનગર ઝુંપડપટ્ટીની પડતર જમીનમાં સુરજ યાદવે તેનું એક્ટીવા સ્કુટર પેશાબ કરવા માટે રોકેલ ત્યારે, સુરજ યાદવ સ્કુટર ઉપર બેસેલ હાલતમાં પેશાબ કરતો હોય અને દારૂના નશામાં પેશાબ કરતાં કરતાં તમો આરોપીને ગાળો બોલેલ જે આરોપીથી સહન ન થતાં આરોપીએ તેની પાસેના ચપ્પુનો ઘા સુરજ યાદવને ડાબી છાતીના ભાગે મારી તેનું મોત નિપજાવી, મરનારનું એક્ટીવા ચલાવી રોડ ઉપર લઈ જઈ અમીન પાર્ટી પ્લોટ પાસે મુકી નાશી જઈ, ઈ.પી.કો.કલમ–૩૦૨ તથા જી.પી એક્ટની કલમ–૧૩૫ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

– <u>નિ ર્ણ યો</u> –

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

– <u>કા ર ણો</u> –

**મુદ્દા નંબર ૧ અંગે**

(૯) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો

કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. કાયદાની સ્થાપીત સ્થીતીને લક્ષમાં લઈ ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

**(૧૦)** ઉપરોક્ત હકીકત ધ્યાને રાખી આરોપી સામે ફરમાવેલ તોહમતનામું પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે જે પુરાવો તપાસેલ છે તે પૈકી સૌ પ્રથમ સાહેદ નંબર-૧, જીતુભાઈ રૂપસિંગ મકવાણાને આંક-૧૧ થી તથા સાહેદ નંબર-૨, સુરેશચંદ્ર કમળાશંકર પંડ્યાને આંક -૧૩ થી તપાસેલ છે જેઓ તેઓની સરતપાસમાં પોલીસે ખોડીયાર માતાના મંદીર પાસે તેઓની રીક્ષા ઉભી રખાવી સહી કરવાનું કહેતા તેઓએ કોરા કાગળમાં સહીઓ કરી આપેલી તેમજ તેઓએ પોલીસને કંઈ લખાવેલ નથી કે પોલીસે તેઓની હાજરીમાં કોઈ લખાણ કરેલ નથી કે તેઓની હાજરીમાં શુશીલ યાદવ નામના ઈસમે કોઈ જગ્યા બતાવેલ નથી તેમજ કોઈ ગુનાવાળી જગ્યા જોઈ નથી તેમ જણાવતા હોય અને આંક-૧૨ વાળા પંચનામામા તેઓની સહીઓ હોવાનું જણાવતા હોય પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપતો ન હોય સરકારી વકીલ શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપેલ નથી. આથી આ પંચોના પુરાવાથી પંચનામું માત્ર પંચોની સહીયો પૂરતું પુરવાર થાય છે પંચનામાની અન્ય હકીકતો પુરવાર થતી નથી.

**(૧૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર-૩, અલ્પેશ સાવંતભાઈ જારીયાને આંક-૧૬ થી તથા સાહેદ નંબર-૪, ભાવેશ અર્જુનસિંહ ચૌહાણને આંક-૧૮ થી તપાસેલ છે. આ બંને પંચો તેઓની સરતપાસમાં લક્ષ્મીપુરા પોલીસે કોરા કાગળમાં સહી કરવાનું જણાવતા સહીઓ કરેલી તે સિવાયની કોઈ હકીકત જાણતા ન હોવાનું જણાવતા હોય આ પંચોએ પણ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોય સરકારી વકીલ શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી

વિસ્તૃત ઉલટતપાસ કરવા છતાં આંક–૧૭ વાળા પંચનામાની અન્ય હકીકતો રેકર્ડ પર આવેલ નથી. આથી સદરહુ પંચનામુ માત્ર પંચોની સહીઓ પૂરતું પુરવાર થાય છે અન્ય હકીકતો પુરવાર થતી નથી.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૫, મેહુલ પુનમભાઈ પરમારને આંક–૧૯ થી તપાસેલ છે. આ પંચે તેની સરતપાસમાં લક્ષ્મીપુરા પોલીસે તા.૧૫–૭–૨૦૧૭ ના રોજ બપોરના ચાર થી સાડા ચારની વચ્ચે લક્ષ્મીપુરા પોલીસે સ્ટેશને અન્ય કેસના કામે બોલાવેલ, એક કાળા કલરના ટીશર્ટ ઉપર લોહી માટીના નિશાન હતા તે બતાવેલ, એક પેન્ટ જીન્સનું પેન્ટ બતાવેલ જેના ઉપર બેલ્ટ લગાડેલ હતો, એક કાચની બોટલ હતી જેમા બ્લડ હતુ, આ બધી વસ્તુઓ પો.કો.કિશોરભાઇએ બતાવેલ. આ કાર્યવાહી બાદ પોલીસે તેની સહીઓ લીધેલી આંક–૨૦ વાળા પંચનામામા તેની સહી ઓળખી બતાવેલ છે. આ પંચ, પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપતા ન હોય સરકારી વકીલશ્રીએ તેને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતા સદર પંચનામાની અન્ય હકીકતો જણાવેલ નથી. આ પંચની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં પણ તેણે પંચનામામા તેણે માત્ર સહી કરેલી બીજી કોઇ કાર્યવાહી કરેલ ન હોવાનું સ્વીકારેલ છે. આથી આ પંચના પુરાવામાં તે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન ગયેલો અને ત્યા જીન્સ પેન્ટ તથા ટીશર્ટ જોયેલ છે તે હકીકત પુરવાર થાય છે તે સીવાય અન્ય હકીકતો પુરવાર થતી નથી.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૬, દેવેન્દ્રસીંગ દર્શનસીંગ સીંગને આંક–૨૭ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૧૭ મા લક્ષ્મીપુરા પોલીસે પંચમા રહેવા માટે પોલીસ સ્ટેશને બોલાવેલ, પંચમા રહેવા સમજ આપતા પંચે સંમતિ આપેલ, આરોપી પોલીસ સ્ટેશને હાજર હતો, પોલીસે બનાવવાળી જગ્યાએ જવા કહેતા બે વાહનમાં પોલીસ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલા અને આરોપીએ બનાવવાળી જગ્યા બતાવેલ, આ

સમયે બીજો પંચ પુષ્પેન્દ્ર પણ હાજર હતો, બાદ તમામ પોલીસ સ્ટેશને ગયેલા, આંક–૨૮ વાળા પંચનામામા તેની સહી ઓળખી બતાવેલ છે. આ પંચની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન તેના ઘરથી ૧ કિલોમીટર દુર આવેલ છે, લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન અવાર નવાર પંચમા જવાનું થાય છે, અવાર નવાર પોલીસ સ્ટેશને જવાનુ થતુ હોય પોલીસના ડી–સ્ટાફના માણસોને ઓળખે છે, આરોપી સાથે તેની કોઈ વાતચીત થયેલ નથી, આરોપી પોલીસની ગાડીમા પાછળની બાજુએ બેઠેલ હતો, પોલીસ જીપનો ડ્રાઇવર પ્રીયા ટોકીઝ તથા અમીન પાર્ટી પ્લોટ વીશે જાણતો હોય તે ત્યા લઈ ગયેલો, બીજો પંચ આ પંચના કાકાનો દીકરો હતો અને વેગનાર ગાડી તેની હતી, પોલીસ સ્ટેશને પરત આવ્યા બાદ પોલીસે પંચનામામા સહી કરાવેલ આ તમામ હકીકતો સ્વીકારેલ છે. પંચનામાનું લખાણ સ્થળ પર કે ગાડીમા કરેલુ તે યાદ ન હોવાનું જણાવેલ છે. આ પંચ પોલીસ સ્ટેશને ગયેલ ન હોવાનો ઈન્કાર કરેલ છે. આ પંચની સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ પંચ, પોલીસ, આરોપી તથા બીજા પંચ સાથે બનાવવાળી જગ્યાએ ગયેલ છે અને આરોપીએ બનાવવાળી જગ્યા બતાવેલ હોવાની હકીકતો તેની ઉલટતપાસમાં હકારાત્મક આવેલ છે તેથી આરોપી સાથે આ પંચ, અન્ય પંચ તથા પોલીસ બનાવવાળી જગ્યાએ ગયેલ છે અને આરોપીએ બનાવવાળી જગ્યા બતાવેલ હોવાનું પુરવાર થાય છે. જોકે આ પંચનામાનું લખાણ બનાવવાળી જગ્યાએ કરવામાં આવેલ હોય તે હકીકત પુરવાર થતી નથી.

**(૧૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૭, વિષ્ણુ રમેશચંદ્ર શર્માને આંક–૨૯ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં લક્ષ્મીપુરા પોલીસે બાર મહીના પહેલા બપોરના ૧૨–૩૦ ના અરસામા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને એક અપંગ વ્યક્તિનું ખુન થયેલ હોય તેના કપડા લેવા જવાનું જણાવેલ, પોલીસો તથા આરોપી સાથે પોલીસની ગાડીમા રાજેશ ટાવર ખાતે હાઈટેન્શન રોડ ઇ.એસ.આઇ દવાખાનાની ડાબી બાજુએ આવેલ એક ઘરમા ગયેલ જે જગ્યા

આરોપીએ બતાવેલ, ઘરમાં આરોપીનો ભાઇ હાજર હતો, પોલીસે ઘરમા ઝડતી કરતા એક તિઝોરી હતી જેમા કપડા હતા જેમા પેન્ટ ચંડ્ડી, ગંજી, ચાકુ જેવી વસ્તુ હતી જે પોલીસે જમા લીધેલી, બાદ તમામ લોકો પોલીસ સ્ટેશને આવી પોલીસે લખાણ કરી આ પંચ તથા બીજા પંચની સહીઓ લીધેલી, આંક–૩૦ વાળા પંચનામામા તેની સહી ઓળખી બતાવેલ છે, ચપ્પુ તેમજ કપડા ઉપર લોહી જેવા ડાઘા હતા, આ ચપ્પુ તથા પેન્ટ બતાવતા ઓળખી બતાવેલ છે, પેન્ટની અંદરથી નીકળેલ સ્લીપમા તેની સહી હોવાનો ઇન્કાર કરેલ છે, ચપ્પા સાથે નીકળેલ કાપલીમા તેની સહી હોવાનું સ્વીકારેલ છે. આ પંચ પણ પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપતા ન હોય સરકારી વકીલશ્રીએ તેને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમા કરતા પોલીસના માણસો તથા અન્ય પંચ સાથે આરોપીના ઘરમા ગયેલા ત્યારે ઘરમા આરોપીની માતા અન્નપુર્ણાબેન હાજર હતા તેનો ઇન્કાર કરેલ છે. આ પંચની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તે મીઠાઇ, એસ.ટી.ડી.પી.સી.ઓ, મોબાઇલ રીચાર્જ, કોલ્ડ્રીંક્સનો ધંધો કરે છે, તેની દુકાન ગોરવા પોલીસ સ્ટેશનથી અડધો કીલોમીટર દુર છે, પોલીસ ડ્રીંક્સ તથા મોબાઇલ રીચાર્જ માટે તેની દુકાને આવે છે, દુકાન સવારે આઠ વાગે ખોલી રાત્રીના ૧૦–૦૦ વાગે બંધ કરે છે, લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન તેના ત્યાથી ત્રણ કિલોમીટર દુર છે, તેની દુકાનથી લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન વચ્ચે ઘણી દુકાનો તથા સોસાયટીઓ આવેલ છે, પોલીસે તેને સમન્સ કે નોટીસ આપેલ નથી કે તેનું સરનામુ કે ફોન નંબર પોલીસ પાસે નથી, પંચનામુ તેણે વાંચેલ નથી જેથી પંચનામામા આરોપીના ભાઇની હાજરી વીશેની હકીકત લખેલી કે તેની ખબર નથી, પંચનામાનું લખાણ તેણે લખાવેલ નથી, ચપ્પુ આઠ થી દસ ઇંચનું ન હોવાનો ઇન્કાર કરેલ છે, ચપ્પા ઉપર લોહીના ડાઘ કે ચીન્હો ન હોવાનું સ્વીકારેલ છે, પંચનામુ તેણે લખાવેલ ન હોવાનું, કપડા તથા ચપ્પુ લઇને પોલીસ સ્ટેશને આવેલા, તમામ સહીઓ એક સાથે એક જગ્યાએ કરી કર્યા બાદ પોલીસ સ્ટેશનથી જતો રહેલ હોવાનું જણાવેલ છે. આરોપીના ઘરમા ગયેલ ન હોય કે ત્યાથી કબાટમાંથી જીન્સ પેન્ટ કે ચપ્પુ કબજે કરેલ ન હોવાનો ઇન્કાર

કરેલ છે. આ પંચની સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો પંચે તેની સરતપાસમાં પોલીસ, આરોપી તથા બીજા પંચ સાથે રાજેશ ટાવર ખાતે હાઈટેન્શન રોડ, ઈ.એસ.આઈ દવાખાનાની ડાબી તરફ આવેલ એક ઘરમા ગયેલા અને તે ઘરમાં આવેલ તિજોરીમાંથી જીન્સ પેન્ટ, શર્ટ, ચંડ્ડી, ચંપ્પુ પોલીસે કબજે કરેલાનું જણાવેલ છે અને પંચની ઉલટતપાસમા કપડા તથા ચપ્પુ લઈ પોલીસ સાથે પોલીસ સ્ટેશને આવેલા તેમ હકારાત્મક આવેલ છે તેથી ચપ્પુ તથા કપડા આ પંચની હાજરીમા કબજે કરવામાં આવેલ છે તે હકીકત પુરવાર થાય છે. જોકે પંચનામુ આ પંચે લખાવેલ ન હોવાનું કબુલ કરેલ છે તેમજ ચપ્પા ઉપર લોહીના ડાઘ હતા તેવુ તેની સરતપાસમા જણાવેલ છે પરંતુ તેને ચપ્પુ બતાવતા લોહીના ડાઘ કે ચીન્હો દેખાતા ન હોવાનું સ્વીકારેલ છે. જોકે તે કારણે ગુના સમયે ચપ્પુ ઉપર જે સ્થીતી હતી તે સ્થીતી હોય અને સાહેદ નરી આંખે જોઈ શકે તે રીતે ચપ્પુ ઉપર લોહી કે માટી ન હોય તે બની શકે છે. આથી બનાવ સમયે જે ચપ્પુનો ઉપયોગ થયેલ છે તે ચપ્પુ નથી તેમ માની શકાય નહી. આથી આ પંચના પુરાવામાં કપડા તથા ચપ્પુ તેની હાજરીમા પોલીસ દ્ધારા કબજે કરેલ છે તે હકીકત પુરવાર થાય છે.

**(૧૫)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૮, હસમુખભાઈ રમણભાઈ પ્રજાપતિને આંક–૩૨ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં પોલીસે આઠેક માસ અગાઉ પોલીસ સ્ટેશનમાં પંચ તરીકે સહી કરવા બોલાવેલ, પોલીસે શા માટે બોલાવેલ તે કહેલ નહી, પોલીસ સાથે વાનમા બેસી હાઈટેન્શન રોડ પર રાજેશ ટાવર રોડ પર ગયેલ જે જગ્યા એક ભાઈએ બતાવેલ તેનુ નામ ખબર નથી, પોલીસ સાથે એક ઘરમા જઈ પોલીસે એક કબાટમાંથી કપડા કાઢેલ, એક ઘોડા જેવી વસ્તુ પરથી ચાકુ કાઢેલ, કપડામા પેન્ટ, શર્ટ, ચંડ્ડી હતી, કપડા ઉપર કોઈ લોહી કે માટીના ડાઘ ન હતા, પંચનામાનું લખાણ પોલીસ સ્ટેશને કરેલુ જ્યા પંચે સહી કરેલ, પંચનામાનું લખાણ ઘરે પણ લખેલુ અને સહીઓ પોલીસ સ્ટેશનમાં લીધેલ, આંક–૩૦ વાળા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ

પંચ, પંચનામાની અન્ય હકીકતો અંગે પુરાવો આપતા ન હોય સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે જેમા આરોપી કપડા અને ચપ્પુ બતાવવા માંગતો હોય તેની રીકવરી માટે પ્રાથમીક પંચનામુ કરી પોલીસ વાહનમા બેસી આરોપીએ બતાવેલ જગ્યાએ ગયેલ હોય તેમજ તે જગ્યાએ આરોપીની માતા હાજર હોય,આરોપીએ લાકડાના કબાટમાંથી એક પેન્ટ તથા તે પેન્ટમાંથી એક ચપ્પુ બહાર કાઢી તે ચપ્પુથી સુરત યાદવના છાતીના ડાબા ભાગે મારેલ હોય તેમજ બનાવ સમયે તેણે પહેરેલ જીન્સ જેના પાછળના ભાગે લોહી જેવા આછા ડાઘ જોવા મળેલ હોય તેમજ તે પેન્ટ અને ચપ્પુ પંચનામાની વિગતે પોલીસે કબજે કરેલ હોય તે તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ આ પંચની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમા પોલીસને જ્યારે જ્યારે તેની સહીઓની જરૂર હોય ત્યારે તેને બોલાવતા હોવાનું કબુલ કરેલ છે. આમ, પંચે તેની સરતપાસમાં પોલીસ સાથે વાનમા બેસી હાઈટેન્શન રોડ પર રાજેશ ટાવર રોડ પર ગયેલ જે જગ્યા એક ભાઈએ બતાવેલ તેનુ નામ ખબર નથી, પોલીસ સાથે એક ઘરમા જઈ પોલીસે એક કબાટમાંથી કપડા કાઢેલ, એક ઘોડા જેવી વસ્તુ પરથી ચાકુ કાઢેલ, કપડામા પેન્ટ, શર્ટ, ચંડ્ડી હતી, કપડા ઉપર કોઈ લોહી કે માટીના ડાઘ ન હતા તેવી હકીકતો જણાવેલ હોવા છતા ફરીયાદપક્ષે તેને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરતા ઉપરોક્ત તમામ હકીકતો અંગે પુછતા તે વિરૂધ્ધની હકીકતો જણાવેલ છે અને તેની સરતપાસમાં આવેલ હકીકતોથી તદ્દન વિપરીત હકીકતો સરકારી વકીલશ્રી દ્ધારા કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે. આમ, આ પંચે આપેલ પુરાવામાં તે પોલીસ તથા આરોપી સાથે આરોપીએ બતાવેલ જગ્યાએ ગયેલ હોય અને આરોપીએ તેની રૂબરૂ ગુનામા વપરાયેલ ચપ્પુ બતાવેલ હોય તેમજ બનાવ સમયે પહેરેલ જીન્સનું પેન્ટ કબજે કરેલ હોય તે હકીકતો પુરવાર થતી નથી. આથી આંક-૩૦ વાળુ પંચનામુ માત્ર પંચની સહી પુરતુ પુરવાર થાય છે તે સીવાયની હકીકતો પુરવાર થતી નથી.

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૯ ચેતનભાઇ હસમુખભાઇ રોહીતને આંક–૩૫ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં તે પોતાની બાઇક પર તેના ઘરે જતો હતો ત્યારે પોલીસે ઉભો રાખી લાયસન્સની માંગણી કરેલી અને તે સમયે એક કોરા કાગળમા સહી કરાવેલ તેમ જણાવેલ છે તેમજ તેની રૂબરૂ કોઇ પંચનામુ થયેલ હોય કે પોલીસ સાથે કોઇ જગ્યાએ ગયેલ હોય તેમજ કોઇ સીસી ટીવી ફુટેઝની કોપી કરી સી.ડી રજુ કરેલ હોય તેમજ તેની રૂબરૂ કોઇ પંચનામુ કે ઓળખ થઇ હોય તે તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. આ પંચે આંક–૩૬ વાળા પંચનામામા તેની સહી હોવાનું સ્વીકારેલ છે તે સીવાય પંચનામાની અન્ય વિગતો અંગે પુરાવો આપેલ નથી તેથી સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા પંચનામાની અન્ય હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૧૦, જીતેન્દ્રભાઇ ભયલાભાઇ પઢીયારને આંક–૩૭ થી તપાસેલ છે જે તેની સરતપાસમા તે પોતાના ટ્રેક્ટર ઉપર જતો હતો ત્યારે પોલીસે લક્ષ્મીપુરા પોલીસ ચોકી પાસે ઉભો રાખી કોરા કાગળમા સહી કરાવેલ જે સહી તેને બતાવતા આંક–૩૮ વાળા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ પંચે આંક–૩૮ વાળા પંચનામામા તેની સહી હોવાનું સ્વીકારેલ છે તે સીવાય પંચનામાની અન્ય વિગતો અંગે પુરાવો આપેલ નથી તેથી સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા પંચનામાની અન્ય હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૧૧, રામભાઇ માલદેભાઇ ઓડેદરાને આંક–૩૯ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં એક પ્રોગ્રામ માટે પરમીશન લેવા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશને ગયેલો ત્યારે પોલીસે એક લખેલા કાગળમા સહી કરાવેલ જે સહી બતાવતા આંક–૩૬ વાળા પંચનામામા તેની સહી ઓળખી બતાવેલ છે તે સીવાય પંચનામાની અન્ય હકીકતો જણાવેલ નથી.

આથી સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા પંચનામાની અન્ય હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

**(૧૯)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર-૧૨ ઇન્દુબેન કાંતીભાઇ ગામીતને આંક-૪૦ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં તે બનાવ સ્થળે રહે છે, સુશીલ યાદવ તથા સુરજભાન ગયાપ્રસાદને ઓળખતી નથી, સુરજભાનને કોઇએ ઈજા પહોંચાડતા તેનુ મૃત્યુ થયેલ હોય, પોલીસે બતાવેલ ફોટોગ્રાફ વાળી વ્યક્તિને ઓળખતી હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ તેના ગલ્લા પર આકાશ (આરોપી) તથા સુરજભાન પડીકા લેવા આવતા હોય અને તેઓની ઓળખતી હોવાનો ઈન્કાર કરેલ તેમજ સુરજભાનનો ફોટો તથા સીટી ટીવી કુટેઝ મોબાઇલમા બતાવેલ હોવાનો પણ ઈન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવામાં પણ બનાવમા સંડોવાયેલ ઇસમની ઓળખ અંગેની હકીકતો પુરવાર થતી નથી.

**(૨૦)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર-૧૩ થી ભરતભાઇ મુકેશભાઇ ગોહીલને આંક-૪૧ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં મરણજનાર તથા આરોપીની ઓળખની હકીકતો જણાવેલ ન હોય સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસમા કરવા છતા પોલીસે તેને સીસી ટીવી કુટેઝ તથા ફોટા બતાવેલ હોય અને તે કુટેઝ તથા ફોટા જોઇ તેઓને ઓળખી બતાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. આથી આ સાહેદના પુરાવાથી પણ મરણ જનાર તથા આરોપીની ઓળખ પુરવાર થતી નથી.

**(૨૧)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર-૧૪ થી સાહેદ પરેશ મુળજીભાઇ વાઘેલાને આંક-૪૨ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં બનાવ એક વર્ષ પહેલા બનેલો, મરણજનારના સુરજભાન પ્રિયા ટોકીઝ પાસે ચા પીવા આવતો હતો તેથી તેને ઓળખે છે, સુરજભાન દારૂ પીવાની ટેવ વાળો હતો અને તેના મિત્ર સંજય સાથે આવતો હતો, મરણ જનારે ફોન કરીને ઇન્દુબેનના ગલ્લા પર બોલાવી રૂા.૨૦૦

ઉછીના માંગતા સાહેદે આપેલા, સાંજના ૫–૩૦ વાગે ઈન્દુબેનના ગલ્લે પરત આવેલ ત્યારે સંજય તથા સુરજભાન દારૂ પીતા હતા અને સાહેદને પણ દારૂ આપેલ, સાડા છ વાગે સાહેદ તેના ઘરે જતો રહેલ, બનાવની જાણ બીજા દીવસે પોલીસ મારફતે થયેલી, બનાવના દિવસે સુરજભાનને સાંજે છ વાગે ઈન્દુબેનના ગલ્લે જોયેલો તે પછી જોયેલ નથી, બનાવ અંગે માહીતી નથી, સુરજનું ખુન કોણે કરેલુ તેની માહીતી નથી વિગેરે હકીકતો જણાવેલ છે. આ સાહેદના પુરાવાથી બનાવના દીવસે સાંજના છ વાગ્યે ઈન્દુબેનના ગલ્લે મરણજનારને જોયેલ છે તે હકીકત પુરવાર થાય છે તે સીવાય બનાવમા ઉપયોગી અન્ય કોઈ હકીકત પુરવાર થતી નથી.

**(૨૨)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૧૫, સંજય ભીખાભાઈ પરમારને આંક–૪૩ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં બનાવ એક વર્ષ પહેલા બનેલો, મરણજનાર સુરજ પ્રિયા ટોકીઝ ખાતે ગલ્લા પર ચા પીવા આવતો હતો તેથી તેની સાથે પરીચય થયેલો, બનાવના દીવસે મરણજનાર પ્રિયા ટોકીઝ પાસે આવેલ ગલ્લા પાસે રીક્ષા પર મળેલો, સુરજ અને પરેશ દારૂ પીતા હોય તેઓએ સાહેદને પણ દારૂ આપેલ, બાદ પેસેન્જર લઈ નીકલી ગયેલો, બનાવની જાણ પોલીસની પુછપરછ અને ન્યુઝપેપરથી થયેલી. આ સાહેદના પુરાવામાં પણ બનાવના દિવસે મરણ જનાર આ સાહેદને મળેલો તે હકીકત પુરવાર થાય છે પરંતુ બનાવમા મદદરૂપ થાય તેવી કોઈ હકીકતો રેકર્ડ પર આવેલ નથી.

**(૨૩)** ત્યારબાદ ફરીયાદપક્ષે સાહેદ નંબર–૧૬ થી સાહેદ કરણસીંહ રણછોડસીંહ વાઘેલાને આંક–૪૪ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં તે આત્માજ્યોતી આશ્રમના મહંત તરીકે સેવા આપે છે, મંદીરે ઘણા લોકો દર્શન માટે આવે છે, મંદીરની બહાર પાણીનો નળ હોય ત્યા લોકો પાણી ભરવા આવે છે, પોલીસે બનાવ બાબતે પુછપરછ કરતા તેને કોઈ માહીતી ન હોવાનું પોલીસને જણાવેલ તેમ જણાવેલ છે. આ સાહેદ ફરીયાદીપક્ષના કેસને સમર્થન કરતા ન હોય

સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા બનાવને સાંકળતો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૨૪) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર-૧૭ થી સાહેદ નગમાબાનુ આશીફશા ફકીરને આંક-૪૫ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં જણાવે છે કે, આજથી એક દોઢ વર્ષ પહેલા અમો આંબેડકરનગર બ્રીજ નીચે અમારા ઘરે હાજર હતી ત્યારે કોઇ વ્યક્તિ આવેલ જેણે પુછેલ કે અહીયા દારૂ ક્યા મળે છે. જેથી મારા પપ્પાએ તેને તે જગ્યા બતાવેલી અને તે માણસ દારૂ લાવીને બ્રીજ નીચે જ મારા પપ્પા સાથે જ દારૂ પીવા બેસી ગયેલો. તેણે મારા પપ્પાને કહેલ કે તમારી પાસે કોઇ શર્ટ હોય તો આપો મારો શર્ટ ખરાબ થઇ ગયેલ છે અને ત્યારબાદ મારા પપ્પાએ તેને તેને શર્ટ પહેરવા આપી દીધેલો અને તે વ્યક્તિ મારા પપ્પાએ આપેલ શર્ટ પહેરી અને તેણે તેનો ઉતારેલ શર્ટ અમારા ત્યા મુકીને જતો રહેલો. આ બનાવ બાદ બે ત્રણ દીવસ પછી પોલીસ તે વ્યક્તિને લઇ અમારા ઘરે આવેલી અને મારા પપ્પાએ જે વ્યક્તિને શર્ટ આપેલ હતો તે વ્યક્તિ વીશે મારી મમ્મીને પુછેલુ અને તેણે તેનું અમારે ત્યા મુકેલ શર્ટ અમે પોલીસને આપી દીધેલ હતુ. આ બાબતે પોલીસે મારૂ નિવેદન લીધેલુ. તે વ્યક્તિ જાડો, ઉંચો, ભરાવદાર શરીરનો અને જીણા વાળ વાળો હતો. આરોપીને જોયે ઓળખી શકુ નહી. મને બંને શર્ટ બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તે વાત ખરી છે કે પોલીસે મારૂ, સરનામુ પુછેલુ અને કોણ આવેલુ તે પુછેલુ. અમે જે બ્રીઝની નીચે ખુલ્લામા રહેતા હતા ત્યા ઘણા માણસો બેસતા હતા તેથી આરોપી જ આવેલ અને શર્ટ બદલી ગયેલ તે ચોક્કસ કહી શકુ નહી. તે વાત ખરી છે કે મે બનાવ અગાઉ કે પછી આરોપીને જોયેલ નથી. તે વાત ખરી નથી કે અમારે ત્યા આરોપી આવેલ નહી અને મે તેને જોયેલ નહી. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ કામનો આરોપી આ સાહેદ રહે છે તે જગ્યાએ આવેલ હોય અને તેણે પોતાનું શર્ટ આપી શર્ટ બદલી ગયેલ હોય તે

હકીકત પુરવાર થતી નથી.

(૨૫) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૧૮ થી સબાનાબીબી આશીફશા ફકીરને આંક–૪૬ થી તપાસેલ છે જે આજથી એક દોઢ વર્ષ પહેલા અમો આંબેડકરનગર બ્રીજ નીચે અમારા ઘરે હાજર હતી ત્યારે કોઈ વ્યક્તિ આવેલ જેણે પુછેલ કે અહીયા દારૂ ક્યા મળે છે. જેથી મારા પતિએ તેને તે જગ્યા બતાવેલી અને તે માણસ દારૂ લાવીને બ્રીજ નીચે જ મારા પતિ સાથે જ દારૂ પીવા બેસી ગયેલો. તેણે મારા પતિને કહેલ કે તમારી પાસે કોઈ શર્ટ હોય તો આપો મારો શર્ટ ખરાબ થઈ ગયેલ છે અને ત્યારબાદ મારા પતિએ તેને તેઓનો શર્ટ પહેરવા આપી દીધેલો અને તે વ્યક્તિ મારા પતિએ આપેલ શર્ટ પહેરી અને તેણે તેનો ઉતારેલ શર્ટ અમારા ત્યા મુકીને જતો રહેલો. આ બનાવ બાદ બે ત્રણ દીવસ પછી પોલીસ તે વ્યક્તિને લઈ અમારા ઘરે આવેલી અને મારા પતિએ જે વ્યક્તિને શર્ટ આપેલ હતો તે વ્યક્તિ વીશે મને પુછેલુ અને તેણે તેનું અમારે ત્યા મુકેલ શર્ટ અમે પોલીસને આપી દીધેલ હતુ. આ બાબતે પોલીસે મારૂ નિવેદન લીધેલુ. તે વ્યક્તિ જાડો, ઉંચો, ભરાવદાર શરીરનો અને જીણા વાળ વાળો હતો. આરોપીને જોયે ઓળખી શકુ નહી. મને બંને શર્ટ બતાવવામાં આવે તો ઓળખી શકુ નહી. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તે વાત ખરી છે કે પોલીસે મારૂ, સરનામુ પુછેલુ અને કોણ આવેલુ તે પુછેલુ. અમે જે બ્રીઝની નીચે ખુલ્લામા રહેતા હતા ત્યા ઘણા માણસો બેસતા હતા તેથી આરોપી જ આવેલ અને શર્ટ બદલી ગયેલ તે ચોક્કસ કહી શકુ નહી. તે વાત ખરી છે કે મે બનાવ અગાઉ કે પછી આરોપીને જોયેલ નથી. તે વાત ખરી નથી કે અમારે ત્યા આરોપી આવેલ નહી અને મે તેને જોયેલ નહી. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ કામનો આરોપી આ સાહેદ રહે છે તે જગ્યાએ આવેલ હોય અને તેણે પોતાનું શર્ટ આપી શર્ટ બદલી ગયેલ હોય તે હકીકત પુરવાર થતી નથી.

(૨૬) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૧૯ થી સાહેદ આશીફશા ગફુરશા ફકીરને

આંક–૪૭ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં જણાવે છે કે આજથી એક દોઢ વર્ષ પહેલા હુ આંબેડકરનગર બ્રીજ નીચે અમારા ઘરે હાજર હતો ત્યારે કોઇ વ્યક્તિ આવેલ જેને મને પુછેલ કે અહીયા દારૂ ક્યા મળે છે. જેથી મે તેને તે જગ્યા બતાવેલી અને તે માણસ દારૂ લાવીને બ્રીજ નીચે દારૂ પીવા બેસી ગયેલો. તેણે મને કહેલ કે તમારી પાસે કોઇ શર્ટ હય તો આપો મારો શર્ટ ખરાબ થઇ ગયેલ છે અને ત્યારબાદ મે તેને મારો શર્ટ પહેરવા આપી દીધેલો અને તે વ્યક્તિએ મે આપેલ શર્ટ પહેરી અને તેણે તેનો ઉતારેલો શર્ટ મારા ત્યા મુકીને જતો રહેલો અને આ બનાવ બાદ બે ત્રણ દિવસ પછી પોલિસ અમારા ઘરે તે વ્યક્તિને લઇને આવેલી અને મે જે વ્યક્તિને શર્ટ આપેલ હતો તે વ્યક્તિ વિશે પુછેલુ અને તેણે તેનુ અમારે ત્યા મુકેલ શર્ટ અમે પોલીસને આપી દીધેલ હતુ. આ બાબતે પોલીસે મારૂ નિવેદન લીધેલુ. તે વ્યક્તિ જાડો, ઉંચો, ભરાવદાર શરીરનો અને જીણા વાળ વાળો હતો. આરોપીને જોચે ઓળખી શકુ નહી. મને બંને શર્ટ આજરોજ બતાવવામાં આવે તો હુ ઓળખી શકુ નહી. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તે વાત ખરી છે કે પોલીસે મારૂ નામ, સરનામુ પુછેલુ અને કોણ આવેલુ તે બાબતે પુછપરછ કરેલી. તે વાત ખરી છે કે અમે બ્રીજની નીચે ખુલ્લામા રહેતા ત્યા ઘણા માણસોની અવર જવર રહેતી. અમે જે બ્રીજની નીચે ખુલ્લામાં રહેતા ત્યા ઘણા માણસો બેસતા તેથી આરોપી જ આવેલા અને શર્ટ બદલી ગયેલા તે ચોક્કસ કહી શકુ નહી. તે વાત ખરી છે કે મે બનાવ અગાઉ કે પછી આરોપીને જોયેલ નથી. તે વાત ખરી નથી કે અમારે ત્યા આરોપી આવેલ નહી અને મે જોયેલ નહી. તે વાત ખરી છે કે આરોપી મારો મિત્ર કે ઓળખીતો થતો નથી અને હુ તેને ઓળખતો નથી. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ કામનો આરોપી આ સાહેદ રહે છે તે જગ્યાએ આવેલ હોય અને તેણે પોતાનું શર્ટ આપી શર્ટ બદલી ગયેલ હોય તે હકીકત પુરવાર થતી નથી.

(૨૭) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૦ થી સાહેદ મુકેશ ઓમપ્રકાશ શર્માને

આંક–૪૮ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં જણાવે છે કે હુ જી.ટી.પી.એલ કંપનીમાં સીસી ટીવી એન્જીનીયર તરીકે નોકરી કરતો હતો. તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ લક્ષ્મીપુરા પોલીસે મને તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ કેમેરા નંબર–૫ ના રેકોર્ડીંગના બેકઅપ લેવા બોલાવેલ અને આ ગુનાની સમજ આપી જેથી મે કેમેરા નંબર–૫ નું તા.૧૪–૭–૨૦૧૭ નું સીસી ટીવી બેકઅપ ડી.વી.આર માંથી લઈ અને પેનડ્રાઇવમા આપેલ જે મારી રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ. મે જે બેકઅપ આપ્યુ તે કેમેરો યશ કોમ્પ્લેક્ષ ગોત્રી રોડ પર આવેલો છે. આ બેકઅપ મે પેનડ્રાઇવમાં લઈ પેનડ્રાઇવની સીડી બનાવી. આ બેકઅપનું રેકોર્ડીંગ મે જોયેલ નહી. આ સાહેદ તેના પોલીસ રૂબરૂના નિવેદનમા જણાવેલ હકીકતો જણાવતા ન હોય સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા બનાવને સાંકળતો પુરાવો આપેલ નથી. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમા સાહેદે જણાવેલ છે કે, તે વાત ખરી છે કે મે કેમેરામાં થયેલુ રેકોર્ડીંગ મે જોયેલ નહી. મે માત્ર બેકઅપ લઈ પોલીસમેનને આપેલુ. મારી સમક્ષ પોલીસમેન તેમની પેનડ્રાઇવ લઈ આવેલા અને જણાવેલુ કે કેમેરા નંબર–૫ માંથી બેકઅપ લેવાનું છે જેથી મે માત્ર બેકઅપ પોલીસમેનની પેનડ્રાઇવમાં લઈ આપેલુ. મે સીડી બનાવેલ નહી. મે બેકઅપ લીધા બાબતનું કોઇ સર્ટીફીકેટ આપેલ નથી. હુ ધોરણ–૧૨ પાસ છુ. મે કોમ્પ્યુટરમા કે આઇ.ટી મા કોઇ ડીગ્રી કોર્ષ કરેલ નથી. તે વાત ખરી છે કે મે બેકઅપ લઈ આપેલ ત્યારે પોલીસે મારી પાસે મારૂ આઇ.ટી નું સર્ટી માંગેલ નહી અને મે આપેલુ નહી. આ સાહેદની સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સાહેદે તેની સરતપાસમાં યશ કોમ્પ્લેક્ષ ગોત્રી રોડ ખાતે આવેલ સીસી ટીવી કેમેરાનું તા.૧૪–૭–૨૦૧૭ ના રોજનું બેકઅપ લઈ તે બેકઅપ પોલીસને પેનડ્રાઇવમાં આપેલ તેમ જણાવેલ છે અને આ હકીકતને સાહેદની ઉલટતપાસમાં પડકારવામાં આવેલ નથી તેથી સદર હકીકત પુરવાર થાય છે. જોકે સાહેદે સીસી ટીવી ફૂટેઝનું જે બેકઅપ લીધેલુ અને પેનડ્રાઇવમાં પોલીસને આપેલુ તે અંગે કોઇ સર્ટીફીકેટ આપેલ ન હોવાનું પણ તેની

ઉલટતપાસમા કબુલ કરેલ છે. આથી યશ કોમ્પ્લેક્ષ ગોત્રી રોડ ખાતે આવેલ કેમેરા નંબર–૫ માંથી તા.૧૪–૭–૨૦૧૭ ના રોજનું સીસી ટીવી બેકઅપ લઇ પેનડ્રાઇવમાં પોલીસને આપેલુ તે હકીકત તથા આ બેકઅપ લીધા બાદ પોલીસને કોઇ સર્ટીફીકેટ આપેલ નથી તે હકીકત પુરવાર થાય છે.

(૨૮) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૧ થી સાહેદ બુધાભાઇ બલાભાઇ દેવીપુજકને આંક–૪૯ થી તપાસેલ છે જે તેની સરતપાસમા જણાવે છે કે, હુ છુટક મજૂરી કરી મારા પરીવારનું ગુજરાન ચલાવુ છુ. આશરે એક વર્ષ પહેલા લક્ષ્મીપુરા પોલીસે મને પુછપરછ માટે પોલીસ સ્ટેશન બોલાવેલ. મને પોલીસે કોઇ મર્ડર સંબંધે મારી પુછપરછ કરેલી પણ તે સંબંધે હુ કઇ જાણતો ન હતો તેમ જણાવેલ છે. આ સાહેદ બનાવને સાંકળતો કોઇ પુરાવો આપતા ન હોય સરકારી વકીલશ્રીએ તેને ફરીગયેલા જાહેર કરી વિસ્તૃત ઉલટતપાસ કરવા છતા બનાવને સાંકળતો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આથી આ સાહેદના પુરાવાથી બનાવને સાંકળતી હકીકતો પુરવાર થતી નથી.

(૨૯) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૨ થી સાહેદ ડો.વૈશીખીબેન યશવંતરાય શુકલને આંક–૫૦ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં તા.૧૫–૭–૨૦૧૭ ના રોજ હુ ફોરેન્સીક મેડીસી વિભાગમાં એસ.એસ.જી હોસ્પીટલ ખાતે મારી ફરજ પર હાજર હતી ત્યારે સવારે ૧૧–૦૦ વાગે સુરજભાન યયાપ્રસાદ યાદવ ઉ.વ.૨૭ ની લાશને સબ પરીક્ષણ માટે ઇન્કવેસ્ટ રીપોર્ટ સાથે પી.આઇ લક્ષ્મીપુરા પો.સ્ટે દ્વારા યાદી સાથે રજૂ કરવામાં આવેલ હતી. જે લાશનું પરીક્ષણ સવારે ૧૧–૦૦ વાગે સરૂ કરી તેજ દીવસે બપોરે ૧૨–૦૦ વાગે પુરૂ કરેલ. યાદીમા જણાવ્યા મુજબ મરનારને તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ ૨૦–૦૦ કલાકે તીક્ષ્ણ ધારદાર હથીયારથી છાતીના ભાગે હુમલો કરેલ અને તે સ્થળ ઉપર મરણ હાલતમા મળી આવેલ. બાહ્ય સબ પરીક્ષણ તથા આંતરીક સબ પરીક્ષણ કરેલ, થયેલ ઇજા અંગે તેમજ ઇજા મૃત્યુ પહેલાની હતી, સબ ની આંતરીક સ્થીતી અંગે

તેમજ મરણ જનારનું મૃત્યુ અગત્યના અવયવોને ઈજા થવાને કારણે તેમાથી રક્તસ્ત્રાવ થવાને કારણે આઘાત લાગવાને કારણે થયેલ હોવાનું જણાવી આંક-૫૨ થી શબ પરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છે તેમજ થયેલ ઈજા ૧૦ સે.મી વાળા તીક્ષ્ણ ધારદાર લંબાઈ વાળા હથીયારથી થઈ શકે તેવી હતી તેમ જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે કોઈ પણ વ્યક્તિ ધારદાર હથીયાર ઉપર પડે આ પ્રકારની ઈજા થઈ શકે. તે વાત ખરી છે કે મરનાર નાનપણથી જ પોલીયોગ્રસ્ત હતા. તે વાત ખરી નથી કે પોલીયોવાળા વ્યક્તિનું હદય સામાન્ય માણસ કરતા નબળુ હોય છે. તે વાત ખરી છે કે હદયમાં કોઈ પણ નાની મોટી ઈજા થાય તો ગુજરવાનું સંભવ રહે છે. તે વાત ખરી છે કે પોલીયોગ્રસ્ત વ્યક્તિનું હલન ચલન સામાન્ય વ્યક્તિ જેવુ હોઈ શકે નહી. પોલીસ યાદીમાં મારનાર વ્યક્તિનું નામ અજાણ્યા ઈસમ તરીકે દર્શાવેલુ છે. તે વાત ખરી નથી કે ઉપરોક્ત ઈજાના કારણે મૃત્યુ નીપજ્યાનું કારણ યોગ્ય લાગતુ નથી. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તા.૧૫-૭-૨૦૧૭ ના રોજ સુરજભાનની લાશનું પરીક્ષણ કરવા માટે પોલીસ દ્ધારા લાવવામાં આવેલ હતી, તે લાશનું સાહેદે પરીક્ષણ કરેલ, પરીક્ષણમા સાહેદને છાતીના ભાઈ જે ઈજા થયેલ હતી તે મૃત્યુ પહેલાની હતી, મૃત્યુ લાશના અગત્યના અવયોને ઈજા થવાને કારણે તેમજ રક્તસ્ત્રાવ થવાને કારણે આઘાત લાગવાથી થયેલ હતુ અને થયેલ ઈજા ૧૦ સે.મી વાળા તીક્ષ્ણ ધારદાર લંબાઈ વાળા હથીયારથી થઈ શકે તેવી હતી તેમજ લાશ ઉપરથી જરૂરી નમુનાઓ લીધેલ હતા તે હકીકતો સાહેદે તેની સરતપાસમા જણાવેલ છે જે તમામ હકીકતોને સાહેદની ઉલટતપાસમા પડકારવામાં આવેલ નથી તેથી મરણ જનારનું મૃત્યુ ધારદાર હથીયારથી અગત્યના અવયવોને ઈજા થવાને કારણે થયેલ છે તે હકીકત પુરવાર થાય છે. સાહેદની ઉલટતપાસમા કોઈ વ્યક્તિ ધારદાર હથીયાર ઉપર પડે તો પણ આવી ઈજા થઈ શકે તેવો બચાવપક્ષે બચાવ લીધેલ છે પરંતુ મરણ જનાર પોતાની રીતે કોઈ ધારદાર હથીયાર ઉપર પડી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આથી મરણજનારનું મૃત્યુ પડી જવાથી થયેલ ઈજાને કારણે થયેલ હોય તેવુ માની શકાય તેમ નથી.

**(૩૦)** ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૩ થી સાહેદ રાજેન્દ્રસિંહ જીતસિંહ ચાવડાને આંક–૫૩ થી તપાસેલ છે જે તેની સરતપાસમા જણાવે છે કે, ગઈ તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ અમારી નોકરી લક્ષ્મીપુરા મોબાઈલ વાનમાં ઈન્ચાર્જ તરીકેની હતી અને અમારી સાથે ડ્રાઈવર તરીકે વિનોદભાઈ હતા અને અમો બેન્જામીન સ્કુલ વુડા ચાર રસ્તા ખાતે ફીક્સ પોઈન્ટ પર અમો હાજર હતા. તે સમયે કલાક ૧૯–૫૧ વાગે પોલીસ કંટ્રોલ તરફથી વર્ધી મળેલ કે અમીન પાર્ટી પ્લોટ પાસે પી.સી.આર–૮ ને જઈ મળશો જેથી અમો ઉપરોકત સ્થળે પહોંચેલા. સદરહુ વર્ધીની નોંધ અમોએ અમારા સ્વહસ્તાક્ષરમાં લોગબુકમાં કરેલી. અમોએ વર્ધી વાળા સ્થળે જઈ લાઈટના પ્રકાશથી એક બેભાન થયેલ માણસને જોયેલો જે અંગે કંટ્રોલ ઈન્વે.ને બોલાવેલા અને તેઓને સોંપી અમે ત્યાથી રવાના થયેલ. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, તે વાત ખરી છે કે મારી નોકરીનો સમય સવારે ૮–૦૦ વાગ્યાથી ૨૦–૦૦ સુધીનો છે. તે વાત ખરી છે કે અમારી નોકરીનો સમય પુરો થતા અમોએ અમારા રીલીવર એ.એસ.આઈ ભઈલાલભાઈ સોમાભાઈ આવી ગયેલા. મે આ ગુનાની કોઈ પ્રાથમીક તપાસ કરેલ નથી માત્ર લોગબુકમાં વર્ધી નોંધેલ છે . મે આ સીવાય બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ કંટ્રોલ તરફથી વર્ધી મળતા તેની નોંધ કરેલ તે હકીકત પુરવાર થાય છે.

**(૩૧)** ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૪ થી સાહેદ ઉમેશભાઈ ચીમનલાલ ઉપાધ્યાયને આંક–૫૫ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષિપ્તમાં એવો છે કે ના કલાક ૮–૦૦ થી ૨૪–૦૦ સુધી ગોરવા પોલીસ સ્ટેશન પીસીઆર નંબર–૮ માં હતી અને બેઝ પોઈન્ટ ગોરવા આઈ.ટી.આઈ

ખાતે હાજર હતો ત્યારે કલાક ૧૯–૩૪ વાગે પોલીસ કંટ્રોલ તરફથી અમીન પાર્ટી પ્લોટની બાજુમાં આત્માજ્યોતિ મંદિર સામે પહોંચતા ત્યાં એક ઇસમ દારૂ પીધેલ હાલતમાં પડેલ છે તેવી વર્ધી મળતા તે વર્ધી બુકમાં નોંધ કરી ડ્રાઇવર કિશોરભાઈ સાથે કલાક ૧૯–૪૪ વાગે સદર જગ્યાએ પહોંચી ઊભા રહેલ જેની કંટ્રોલ રૂમમાં નોંધ કરાવેલ. સદર વર્ધી અંગે તપાસ કરતા ઇન્દીરાનગર ઝુપડપટ્ટીની પડતર જગ્યામાં એક માણસ લોહી લુહાણ હાલતમાં પડેલ હતો તેની ડાબી છાતીના ભાગે તીક્ષ્ણ હથીયારનો ઘા જોવા મળેલ અને શરીર ઠંડુ હોય ૧૦૮ મોબાઇલને બોલાવવા કાર્યવાહી કરેલ. લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનની હદમાં આ જગ્યા આવતી હોય મોબાઈલ ફોનથી લક્ષ્મીપુરા પી.સી.આર ને મોકલી આપવા પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરેલ અને તે અંગે કલાક ૧૯–૪૪ વાગે વર્ધી બુકમાં નોંધ કરેલ. કલાક ૧૯–૫૪ વાગે લક્ષ્મીપુરા પી.સી.આર નંબર–૯ આવતા ઇન્ચાર્જ રાજેન્દ્રસિંહ જીતસિંહને વર્દીની સમજ કરી ત્યાંથી રવાના થઈ ગોરવા આઇ.ટી.આઇ બેઝ પોઇન્ટ પર આવી ગયેલ. ત્યારબાદ વાયરલેસ મેસેજ પર આ બનાવ અંગે સુશીલ યાદવે ફરીયાદ આપ્યા બાબતે જાણ કરેલ અને ન્યૂઝ પેપરથી જાણવા મળેલ કે યસ કોમ્પ્લેક્સથી ગોત્રી પોલીસ સ્ટેશનના સીસી ટીવી ફૂટેજમાં મરનાર ટ્રાઈસીકલ સ્કૂટર ઉપર એક ઈસમને બેસાડી નીકળેલ જોવામાં આવે અને તપાસ દરમ્યાન આ ઈસમ આકાશ આડતીયા હોવાનું ખૂલેલ. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે તે વાત ખરી છે કે બનાવ વિશે મને કોઈ જાત માહિતી નથી મને બનાવની જાણ વર્ધી મળતા થયેલી. તે વાત ખરી છે કે બનાવની જગ્યા અમારી હુકુમતમાં ન હોય અમોએ કોઈ પ્રાથમીક તપાસ પણ કરેલ નથી. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આ સાહેદને વર્ધી મળતા તે બનાવ વાળી જગ્યાએ ગયેલ છે અને ત્યાં જઈ મરણ જનારને ઈજા પામેલ હાલતમાં જોયેલ છે જેની જાણ લક્ષ્મીપુરા પી.સી.આર ને કરેલ છે તે હકીકતને સાહેદની ઉલટતપાસમાં બચાવપક્ષે પડકારેલ નથી તેથી સદર હકીકત પુરવાર થાય છે પરંતુ આ મરણ જનારને આ આરોપીએ ઈજા

પહોંચાડેલ હોય અને તે કારણે મરણ જનારનું અવસાન થયેલ હોય તે હકીકત સાહેદના પુરાવાથીપુરવાર થતી નથી.

**(૩૨)** ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૫ થી સાહેદ પ્રભુદાસ પરસોત્તમભાઈ વસાવાને આંક–૬૧ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષિપ્તમાં એવો છે કે, સને ૨૦૧૭ ની સાલમાં લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતો હતો અને સમતા પોલીસ ચોકીના ઈન્ચાર્જ તરીકે પણ ફરજ બજાવતો હતો. લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફર્સ્ટ ગુ.ર. નંબર ૨૯/૨૦૧૭ ના કામે સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર–૧૪/૧૭ થી પી.એસ.ઓ સંદીપભાઈએ તપાસ યાદી આપેલી. તા.૧૪–૭–૧૭ ના રોજ કલાક ૮–૦૦ થી ૨૪–૦૦ દરમ્યાન ઈન્વેમા ફરજ પર હતો ત્યારે કલાક ૨૦–૧૦ વાગે પી.એસ.ઓ સંદીપભાઈએ તપાસ યાદી આપતા સ્થળ પર જઈ પોલીસ ઈન્સ્પેક્ટર આર.આઈ.જાડેજા અને સ્ટાફના માણસો પણ સ્થળ પર હાજર હતા અને સ્થળ પર એક અપંગ માણસને છાતીની ડાબી બાજુ ચપ્પુનો તીક્ષ્ણ હથીયારથી ઈજા વાગેલ હોય તે મરણ ગયેલ હતો .તેના શરીરની આજુબાજુ લોહી હતું તેમજ આધાર કાર્ડ, બેંકનું પેટીએમ કાર્ડ જેમાં સૂરજ ગયાપ્રસાદ યાદવનું નામ તથા સરનામું લખેલ હતું જેના આધારે તે ઈસમ સુરજભાન ગયા પ્રસાદયાદવ હોવાનું જાણવા મળેલ. તપાસ દરમ્યાન ગોત્રી રોડ યસ કોમ્પ્લેક્સના સીસી ટીવી માં મરણ જનાર તેની એકટીવા ટ્રાઈસીકલ પર આ કામના આરોપીને બેસાડી જતો હતો અને આરોપીએ મરણ જનારને ડાભી છાતીના ભાગે ચપ્પુ જેવા તીક્ષ્ણ હથિયારથી ઘા મારેલ હોવાનું ખૂલેલ. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે એ વાત ખરી છે કે મરણ જનારનું મૃત્યુ તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ થયેલ અને મારૂ નિવેદન ૨૨–૭–૨૦૧૭ ના રોજ લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે મારૂ નિવેદન તપાસ કરનાર અધીકારીએ જાતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે મારા નિવેદનમાં તપાસ કરનાર અધીકારીએ શું લખેલ છે તેની મને ખબર નથી. એ

વાત ખરી છે કે આ મરણ જનાર, આરોપીને કયા નંબરની ગાડી પર લઈ જતો હતો તે નંબર લખાવેલ નથી. એ વાત ખરી છે કે સીસી ટીવી ફૂટેજ મેં જાતે મેળવેલ નથી. એ વાત ખરી છે કે આ સીસી ટીવી ફૂટેજ કઈ તારીખના અને સમયના છે તે મેં મારા નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે મેં સીસી ટીવી ફૂટેજ જોયેલા. એ વાત ખરી છે કે આ ફૂટેજમાં આરોપી કોઈ ક્ષણ હથીયાર સાથે મરણ જનારની પાછળ બેઠેલ હોય કે કોઈ તીક્ષ્ણ હથીયાર આરોપીના હાથમાં હોય અને તે તીક્ષ્ણ હથીયારથી મરણ જનાર પર ઘા કરતો હોય તેવું દેખાતું ન હતું. એ વાત ખરી છે કે યસ કોમ્પ્લેક્સ ચાર રસ્તા પર એક થી વધારે કેમેરા લાગેલા છે. એ વાત ખરી છે કે મેં કયા કેમેરાનું સીસી ટીવી ફૂટેજ જોયેલ તે હકીકત મારા નિવેદનમાં જણાવેલ નથી. આ સાહેદની સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આ સાહેદ બનાવના દિવસે બનાવવાની જગ્યાએ ગયેલ છે અને ત્યાં મરણ જનારને મૃત્યુ પામેલ હાલતમાં જોયેલ છે તે હકીખત પુરવાર થાય છે તેમજ આ મરણ જનાર તેની એકટીવા ટ્રાઈસીકલમાં આરોપીને બેસાડી લઈ જઈ રહ્યો હતો તેવું સીસી ટીવી ફૂટેજ ના આધારે જાણેલ છે તેમ તેની સરતપાસમાં જણાવેલ છે. આ સાહેદની ઉલટતપાસમાં સાહેદે સીસીટીવી ફૂટેજ જોયેલ તે હકીકત હકારાત્મક આવેલ છે તેમજ આ સાહેદ બનાવ વાળી જગ્યાએ જઈ મરણ જનારને મૃત્યુ પામેલ હાલતમાં જોયેલ છે તે હકીકતને સાહેદની ઉલટતપાસમાં પડકારેલ નથી તેથી આ સાહેદ બનાવવાની જગ્યાએ ગયેલ છે તેમજ બનાવ વાળી જગ્યાએ મરણ જનારને મૃત્યુ પામેલ હાલતમાં જોયેલ છે તેમજ આ મરણ જનાર તેની એકટીવા ટ્રાઈસીકલ ઉપર આરોપીને બેસાડી લઈ જઈ રહ્યો હતો તે હકીકત પુરવાર થાય છે. જોકે મરણ જનાર તેની ટ્રાઇસીકલ એક્ટીવા ઉપર આરોપીને લઇ જતો હતો તેવુ સાહેદે સીસી ટીવી કુટેઝ જોયેલ તેના આધારે જણાવેલ છે પરંતુ સીસી ટીવી કુટેજ એક દસ્તાવેજ છે અને દસ્તાવેજી પુરાવાથી મરણ જનાર તેની ટ્રાઇસીકલ એક્ટીવા ઉપર આરોપીને લઇને જઇ રહ્યો હતો તે હકીકત પુરવાર ન થાય ત્યા સુધી આ સાહેદનો પુરાવો કે જે સમર્થનકારક પુરાવો છે તેના ઉપર આધાર રાખી

શકાય નહી.

**(૩૩)** ત્યારબાદ ફરીયાદી પક્ષે સાહેદ નંબર–૨૬ થી સાહેદ સંદીપભાઈ શંકરલાલ કમલકરને આંક–૬૨ થી તપાસેલ છે જે તેની સરતપાસમાં સને ૨૦૧૭ ની સાલમાં લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન પોલીસ ઇન્સ્પેક્ટર આર.આઈ.જાડેજા રૂબરૂની ફરીયાદી સંબંધે ગુનો રજીસ્ટર થવા આવતા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૯/૨૦૧૭ થી ગુનો નોંધી આગળની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર આર.આઈ. જાડેજાને સુપ્રત કર્યા અંગે જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદે સ્ટેશન ડાયરીમાં નોંધ કર્યા સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી તેમ કબુલ કરેલ છે. આ સાહેદની ઉપરોક્ત સરતપાસ થતા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો સાહેદે ફરીયાદ અન્વયે ગુનો દાખલ કરેલ તેમજ ગુનાની તપાસ માટેનો ડેપ્યુટ હુકમ કરેલ તે હકીકતો પુરવાર થાય છે, તે સિવાય ગુના સંબંધે અન્ય કોઈ હકીકતો પુરવાર થતી નથી.

**(૩૪)** ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૭ થી સાહેદ સુશીલ જગદેવ પ્રસાદ યાદવને આંક–૬૭ થી તપાસેલ છે જે આ ગુનાની ફરીયાદી આપનાર ફરીયાદી છે જે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે, તે, તેની પત્ની અને દીકરી સાથે ભાડાના મકાનમાં રહે છે, તેના સાસુ સસરા અમદાવાદ ખાતે રહે છે અને તેઓની સાથે ફરીયાદીના બે સાળા રહે છે જે પૈકી મોટા સાળાનું નામ ચંદ્ર ગયાપ્રસાદ અને નાના સાળાનું નામ સુરજભાન ગયાપ્રસાદ છે, સુરજભાન ગયા પ્રસાદ બંને પગે અપંગ અને કુવારો છે, સુરજભાનને અમદાવાદ ખાતે દેવું થઈ જતા ફરીયાદીના ઘરે રહેવા માટે તા.૨૨–૬–૨૦૧૭ ના રોજ આવેલો તેનું ત્રણ પૈડાવાળું એકટીવા લઈને આવેલો જેનો નંબર જી.જે.૨૭ આઈ.સી ૦૧૬૭ છે, સુરજભાન ગોત્રી ખાતે આવેલ કોલાબેરા કોલ સેન્ટરમાં નોકરી કરતો હતો અને તેની નોકરીનો સમય સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યાનો હતો, તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ ફરીયાદી કામ માટે હાલોલ ગયેલો અને સાંજે પરત આવેલો,

રાત્રીના અગીયારેક વાગે અમદાવાદથી મોટા સાળાનો ફોન આવેલ કે નાના સાળાને એક્સીડન્ટ થયેલ છે તેથી ફરીયાદી તેને શોધવા નીકળેલ, રાતના સાડા અગીયાર વાગે લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનથી ફોન આવેલ અને તેના સાળાનું અમીન પાર્ટી પ્લોટ આગળ એક્સીડન્ટ થયેલ છે તેવી જાણ થતા ફરીયાદી ત્યાં ગયેલ અને જોયેલ તો તેનો સાળો મરણ ગયેલ હાલતમાં અમીન પાર્ટી પ્લોટ પાસે આવેલ ઝુપડપટ્ટી પાસે આવેલ જાડી જાખરા પાસે પડેલ હતો અને તેની છાતીના ભાગે ગંભીર ઈજા થયેલી હોય લોહી નીકળતું હતું અને નજીકમાં તેની એકટીવા પડેલ હતી જે બાબતે ફરીયાદીએ ફરીયાદ આપેલી. બનાવના ત્રણ દિવસ પછી તેના સાળાની એકટીવા ઉપર પાછળ બેસેલ ઈસમે મરણ જનારને મારેલ અને તે ઈસમને સીસી ટીવી ફૂટેજના આધારે પોલીસે બતાવેલ. આ ફરીયાદીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, અમદાવાદ ખાતે માતા પિતા સાથે સંયુકત કુટુંબમા રહેતો હતો, પૈસાની બાબતમા તેના સાળાને તેના માતા પિતા સાથે બોલાચાલી અને જગડો થતો હતો, તેના સાળાએ મિત્રો પાસેથી કરજ લઈ મોબાઈલની દુકાન ખોલેલી, તેના સાળાએ જે કરજ તેના ભાઈબંધો પાસેથી લીધેલ તે નાણાની ઉઘરાણી માટે તેના ભાઈબંધો અવાર નવાર આવતા હતા અને આવી ઉઘરાણીના ત્રાસના કારણે તે વડોદરા ખાતે આવેલ અને તે વખતે તે માનસીક રીતે ત્રાસી ગયેલ હતો, બનાવના દીવસે સવારે ૧૦-૦૦ વાગે નોકરી જવા માટે નીકળેલો, સાંજના છ વાગે છુટ્યા બાદ આઠેક વાગ્યા સુધીમા તે ઘરે આવી જતો હતો, કોલાબેરા કંપની તેના ઘરથી દસ મીનીટના અંતરે આવેલ છે, તેના સાળાને વડોદરા ખાતે કોઈ મિત્ર હોય તેવુ તેણે જણાવેલ ન હતુ, લક્ષ્મીપુરા પોલીસે જે ફોન નંબરથી તેનો સંપર્ક કરેલ તે નંબર અંગે ફરીયાદીમાં જણાવેલ નથી, સ્થળ પર જતા તેન સાળો મરણ ગયેલ હાલતમા મલી આવેલ હતો, પોલીસે સીસી ટીવી ફુટેઝમા આરોપીને બતાવતા આરોપીને ઓળખી બતાવેલ. આ તમામ હકીકતો ફરીયાદીની ઉલટતપાસમાં હકારાત્મક આવેલ છે તેથી ફરીયાદી બનાવવાળા સ્થળે ગયેલ છે, બનાવવાળી જગ્યાએ તેના સાળાને મરણ ગયેલ હાલતમા જોયેલ છે, પોલીસે સીસી ટીવી

કુટેઝ બતાવી આરોપીને ઓળખાવેલ છે આ તમામ હકીકતો પુરવાર થાય છે.

(૩૫) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૮ થી ગયાપ્રસાદ રામગરીબ યાદવને આંક–૭૦ થી તપાસેલ છે જે તેની સરતપાસમા તેના બતાવેલ સરનામે શાકભાજી વેચવાનો ધંધો કરે છે, તેને ચંદ્રભાન તથા સુરજભાન નામના દીકરાઓ છે જે પૈકી સુરજભાનને તેની કમરનો નીચેનો ભાગે ખોટો થઇ ગયેલ હોય તે ચાલી શકતો નથી, સુરજભાન વટવા ખાતે મહાલક્ષ્મી નામથી મોબાઇલની દુકાન ચલાવતો હતો, સુરજભાને તેના મિત્રો પાસેથી રૂપીયા લીધેલ જે ચુકવી નહી શકતા વડોદરા ખાતે તેની દીકરીના ઘરે રહેવા આવેલ, તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ રાત્રે સાડા નવ વાગ્યાની આસપાસ વટવા પોલીસ તેની લારીએ આવી તેના દિકરા ચંદ્રભાનને લારી બંધ કરી વડોદરા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશન ખાતે જવા જણાવેલ તેમજ પોલીસ સ્ટેશનનો ફોન નંબર પણ આપતા તેના દીકરાએ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશને ફોન કરતા જાણવા મળેલ કે સુરજભાનની ડેડબોડી ગોત્રી રોડ ઇસ્કોન હાઇટ્સની પાછળ ઇન્દીરાનગર ઝુપડપટ્ટી પાસે પડતર જગ્યાએ પડેલ હતી, ફરીયાદીના દીકરા ચંદ્રભાને ફરીયાદીના જમાઇને આ અંગે જણાવતા ફરીયાદીના જમાઇએ તપાસ કરી બનાવ અંગે જાણવા મળેલ, બાદ આ સાહેદ તેના પરીવાર સાથે પોલીસ સ્ટેશને જઇ આરોપીને પુછતા આરોપીએ બનાવની હકીકતો જણાવેલ હતી તેમ જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વા ખરી છે કે બનાવ સમયે હુ અમદાવાદ મારા ઘરે હતો. એ વાત ખરી છે કે મારા પુત્ર સુરજભાનને કોણે, ક્યારે, કઇ જગ્યાએ અને કયા કારણે ચાકુ માર્યુ તે મે જોયેલ નથી. સાહેદ ખુલાશામાં જણાવે છે કે બનાવ બન્યો ત્યારે હુ અમદાવાદ હતો. એ વાત ખરી છે કે મારો પુત્ર સુરજભાન અલગ અલગ નોકરી તથા ધંધા સાથે સંકળાયેલો છે. એ વાત ખરી છે કે સુરજભાનને મોબાઇલના ધંધામાં મોટુ નુકશાન ગયેલુ. એ વાત ખરી છે કે ધંધા માટે મિત્ર વર્તુળ પાસેથી વ્યાજે પૈસા લીધેલા. એ વાત ખરી છે કે મારો છોકરો પોતાના નાના મોટા ખર્ચા માટે મારી પાસેથી નાણા માંગતો હતો. એ વાત ખરી છે કે સુરજભાન પાસે બધા પૈસા લેવા

માટે ઘરે પણ આવતા હતા. એ વાત ખરી છે કે આવનાર મિત્ર વર્તુળ સુરજભાનને વ્યાજે આપેલ પૈસાની માંગણી બાબતે ઉગ્ર અવાજે વાત કરીને ધમકાવતા હતા. એ વાત ખરી છે કે પૈસા લોકોને ચુકવવા માટે સુરજભાઇન ટેન્શનમાં રહેતો હતો. એ વાતની મને ખબર નથી કે મારો દીકરો નોકરી કરવા માટે પુણે અને અંકલેશ્વર ખાતે ગયો હતો. એ વાત ખરી છે કે સુરજભાન મારી પીઠ પાછળ દારૂ પીતો હતો. એ વાત ખરી છે કે મે ફરીયાદીમા જણાવેલ એક્ટીવા ટ્રાયસીકલ સ્કુટર સુરજભાઇનના નામની હોય તેવા કોઇ પુરાવા મે પોલીસ રૂબરૂના નિવેદનમાં આપેલ નથી.એ વાત ખરી છે કે ગોત્રીમા આવેલ કોલોબેરા કંપનીમાં નોકરી કરતો હતો તે બાબતના કોઇ પુરાવા મે પોલીસને આપેલ નથી. એ વાત ખરી છે કે કહેવાતા આરોપી આકાશને હુ ઓળખતો ન હતો. એ વાત ખરી છે કે પોલીસે મને આરોપીની ઓળખ કરાવેલી. એ વાત ખરી છે કે પોલીસે નિવેદનમાં શુ લખેલુ તે મને ખબર નથી મે ફક્ત સહી કરેલી.એ વાત ખરી છે કે મારી પાસે આવેલ કમલાકરના પુરા નામ ઠામની મને ખબર નથી. એ વાત ખરી છે કે મે મારા પ્રથમ નિવેદનમાં એવુ લખાવેલ કે મારા દીકરાને કોઇની સાથે દુશ્મનાવટ ન હતી મને કોઇ પર શક વહેમ નથી. એ વાત ખરી છે કે મે કહેવાતા આરોપીને પો.સ્ટે.મા જોયેલ અને તે પહેલા મે તેને જોયેલ નથી. એ વાત ખરી નથી કે હાલના આરોપીએ મને પો.સ્ટે.મા કોઇ પણ હકીકત જણાવેલ ન હોવા છતા હુ આજરોજ ખોટી જુબાની આપુ છુ. આ સાહેદની સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સાહેદે તેની ઉલટતપાસમાં તેના પુત્ર સુરજભાઇને કોણે, ક્યારે, કઇ જગ્યાએ અને કારણસર મારેલુ તે જોયેલ નથી તેમ કબુલ કરેલ હોય સાહેદે બનાવ નજરે જોયેલ નથી તેમ પુરવાર થાય છે. ત્યારબાદ સાહેદે તેની સરતપાસમાં આરોપીને પોલીસ સ્ટેશનમા જોયેલ ત્યારે તેને પુછતા આરોપીએ બનાવ અંગેની હકીકત જણાવેલ તે હકીકતને સાહેદની ઉલટતપાસમા પડકારવામાં આવેલ છે તેથી આરોપીએ આ સાહેદને બનાવની હકીકત જણાવેલ તે હકીકત પુરવાર થયેલ નથી.

(૩૬) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૨૯ થી ચંદ્રભાન ગયાપ્રસાદ યાદવને આંક–૭૩ થી તપાસેલ છે જે તેની સરતપાસમા આંક–૭૦ થી તપાસેલ સાહેદની જેમ પુરાવો આપેલ છે તેમજ સાહેદે તેની ઉલટતપાસમા પણ તેના ભાઈ સુરજભાઈનને કોણે, ક્યારે, કઈ જગ્યાએ અને કયા કારણસર ચાકુ માર્યુ તે જોયેલ ન હોવાનું કબુલ કરેલ છે તેમજ સાહેદે તેની સરતપાસમાં આરોપીને પોલીસ સ્ટેશનમા જોયેલ ત્યારે તેને પુછતા આરોપીએ બનાવ અંગેની હકીકત જણાવેલ તે હકીકતને સાહેદની ઉલટતપાસમા પડકારવામાં આવેલ છે તેથી આરોપીએ આ સાહેદને બનાવની હકીકત જણાવેલ તે હકીકત પુરવાર થયેલ નથી.

(૩૭) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૩૦ થી સંજય ભોલાપ્રસાદ યાદવને આંક–૭૪ થી તપાસેલ છે જે તેની સરતપાસમા બનાવ અંગે જાણ થતા તે તેના સસરા તથા સાળા સાથે વડોદરા આવેલ તે સંબંધે પુરાવો આપેલ છે. આ સાહેદે પણ તેની ઉલટતપાસમાં સાહેદે તેની ઉલટતપાસમા તેના સાળા સુરજભાઈનને કોણે, ક્યારે, કઈ જગ્યાએ અને કયા કારણસર ચાકુ માર્યુ તે જોયેલ ન હોવાનું કબુલ કરેલ છે. આથી આ સાહેદના પુરાવાથી પણ બનાવની હકીકતોને સમર્થન મળતુ નથી.

(૩૮) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૩૧ થી રમેશભાઈ તુલશીરામ યાદવને આંક–૭૫ થી તપાસેલ છે જે તેની સરતપાસમા ગુજરનારના પિતા, ભાઈ તથા અન્ય સાથે વડોદરા ખાતે આવેલ તેમજ અન્ય પાસેથી બનાવની હકીકતો જાણેલ હોવાનું જણાવેલ છે. આથી આ સાહેદના પુરાવાથી પણ બનાવની હકીકતોને સમર્થન મળતુ નથી.

(૩૯) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૩૨ થી સાહેદ પ્રભુદાસ પરસોત્તમભાઈ વસાવાને આંક–૮૦ થી તપાસેલ છે જે તેની સરતપાસમા તા.૧૪–૭–૨૦૧૭

ના રોજ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો તે દરમ્યાન પો.સ્ટેશનના પી.એસ.આઇ સંદીપરાવ શંકરરાવ નાઓએ સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૪/૨૦૧૭ કલાક ૨૦-૦૦ થી ટેલીફોન વર્ધી તપાસમાં મળેલ, જે વર્ધી આધારે પર પહોંચેલ, સ્થળ પર એક ઇસમ મરણ જનાર હાલતમાં પડેલ હતો, સ્થળ પર પોલીસ ઇન્સ્પેક્ટર આર.આઇ જાડેજા હાજર હતા તેમને તપાસ યાદી સુપ્રત કરેલ, મરણ જનારની ડેડબોડી પાસે આધારકાર્ડ,આર.સી.બુક, એ.ટી.એમ કાર્ડ પડેલ હતા જેના આધારે મરણ જનારનું નામ, સરનામા અંગે જાણ થયેલ, સ્થળ પર મરણ જનારનો બનેવી આવતા પોલીસ ઇન્સ્પેક્ટર સાહેબે તેની ફરીયાદી લીધેલી, તપાસ દરમ્યાન આરોપીનું નામ ખુલેલ હતુ વિગેરે હકીકતો જણાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, ટેલીફોન વર્ધીમા જણાવેલ હકીકતથી ગુનો કોગ્નીઝેબલ હતો, સ્થળ પર ગયો ત્યારે કોગ્નીઝેબલ ગુનો છે તેવી જાણ થયેલી, તપાસની યાદી મળેલી અને પોલીસ સ્ટેશન છોડ્યુ તેની નોંધ સ્ટેશન ડાયરીમા કરેલ નથી તે હકીકતો કબુલ કરેલ છે. સાહેદની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સાહેદે ટેલીફોનીક વર્ધી મળેલી તેમજ તે વર્ધીના આધારે સ્થળ પર ગયેલો તે હકીકત તેની સરતપાસમાં જણાવેલ છે જ્યારે સ્થળ પર ગયો ત્યારે કોગ્નીઝેબલ ગુનો હતો તેની જાણ થયેલી તેવુ સાહેદની ઉલટતપાસમા આવેલ હોય સાહેદ બનાવવાળા સ્થળે ગયેલ છે તે હકીકત પુરવાર થાય છે.

(૪૦) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર-૩૩ થી સાહેદ હસમુખભાઇ ધીરજભાઇ મચાત્રાને તપાસેલ છે જે તેની સરતપાસમાં આપેલ પુરાવો સંક્ષીપ્તમાં એવો છે કે સને ૨૦૧૭ મા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઇ તરીકે ફરજ બજાવતો હતો, પોલીસ સ્ટેશનના પી.આઇ આર.આઇ.જાડેજાની સુચના આધારે સુરત ખાતે તપાસમા ગયેલો, આરોપીએ જે જગ્યાએ શર્ટ સંતાળેલ હતો તે શર્ટ સાહેદ આશીફશા ઉર્ફે આશીફ ગોલ્ડન ગફુરશાએ રજૂ કરતા બે પંચોની

હાજરીમા પંચનામાની વિગતે કબજે કરેલ, આ શર્ટ સાહેદને બતાવતા ઓળખી બતાવેલ છે. આ સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સદર કામની તપાસ કરવા મૌખીક સુચના મળેલ હતી, સુરત ખાતે ખાનગી વાહનમાં ગયેલો, ખાનગી વાહનની આર.સી.બુક કે તે અંગેના અન્ય પુરાવા તપાસના કાગળો સાથે રજૂ રાખેલા નથી, તપાસ દરમ્યાન સ્ટાફના અન્ય કોઈને સાથે લઈ ગયેલ નથી, તેની તપાસમાં એક જ પરીવારના ત્રણ સભ્યોના નિવેદનો લીધેલા, પંચનામામા જણાવેલ જગ્યા મ્યુનીસીપલ ક્વાર્ટસ હતી, પંચનામા માટે સ્થાનીક પંચો લીધેલ નથી, કબજે લીધેલ શર્ટ વધુ તપાસ માટે એફ.એસ.એલ મા મોકલેલ નથી, સુરત ખાતે બ્રીજ નીચેના સીસી ટીવી કુટેઝ કબજે લીધેલ નથી, સુરત ગયેલ હોય તે બાબતે હાજરી પત્રક તપાસના કામે રજૂ કરેલ નથી. આ સાહેદની સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સાહેદે તેની સરતપાસમા જણાવેલ પુરાવાનો સાંરાશ એ છે કે તે ગુનાના કામે સુરત ખાતે ગયેલ છે અને ત્યા જઈ એક પરીવાર પાસેથી આરોપીએ પહેરેલ શર્ટ પંચનામાની વિગતે કબજે કરેલ છે. સાહેદની ઉલટતપાસમા સુરત મુકામે બ્રીજ નીચે વાળી જગ્યાના સીસી ટીવી કુટેજ કબજે લીધેલ નથી તે હકીકત હકારાત્મક આવેલ હોય છે અને બ્રીજ નીચે વાળી જગ્યાએ સીસી ટીવી હતા તેવી હકીકત સાહેદની ઉલટતપાસમાં રેકર્ડ પર આવેલ નથી તેથી સાહેદે બ્રીજ નીચે વાળી જગ્યાએ આવેલ સીસી ટીવી કુટેઝ મેળવેલ નથી તે કારણે આ સાહેદ સુરત મુકામે બ્રીજ વાળી જગ્યાએ ગયેલ નથી તેમ માની શકાય નહી. વધુમા આ સાહેદે તે ઈસમ પાસે શર્ટની માંગણી કરેલ તે ઈસમને ફરીયાદીપક્ષે તપાસેલ છે તેણે તેની સરતપાસમાં કોઈ ઈસમ આવેલો અને તેણે શર્ટની માંગણી કરતા સાહેદે તેનો શર્ટ આપેલો અને તે ઈસમ પોતાનો શર્ટ મુકીને જતો રહેલો તેમજ તે ઈસમ જે શર્ટ મુકી ગયેલો તે પોલીસને આપેલો તેમ જણાવેલ છે અને આ હકીકત બાબતે બચાવપક્ષે તે સાહેદની કરેલ ઉલટતપાસમાં પોલીસે તેનું નામ ઠામ પુછેલુ તેમજ કોણ આવેલુ તે બાબતે પુછપરછ કરેલી તે હકીકત હકારાત્મક આવેલ હોય તે સાહેદને આરોપીએ તેનો શર્ટ આપેલો અને આરોપીએ તેનો શર્ટ તે સાહેદને

આપેલો તે હકીકત પુરવાર થયેલ છે તેમજ તે સાહેદ પાસેથી પોલીસે આરોપીનો શર્ટ મેળવેલો જે શર્ટ તપાસ કરનાર અધીકારી હસમુખભાઈએ સુરત ખાતેથી મેળવેલ છે તેથી સદર તપાસ કરનાર અધીકારી સુરત ખાતે ગયેલ છે તે હકીકત પુરવાર થાય છે. આથી તપાસ કરનાર અધીકારીએ સુરત મુકામેથી સીસી ટીવી કબજે લીધેલ નથી તેમજ તપાસના કામે કબજે લીધેલ શર્ટ એફ.એસ.એલ ખાતે મોકલેલ નથી તેમજ તપાસ કરનાર અધીકારી સુરત ખાતે ગયેલ તે બાબતનું હાજરી પત્રક તપાસના કામે રજૂ કરેલ નથી તે તમામ તકરારો પ્રસ્તુત નથી. આથી આ તપાસ કરનાર અધીકારી સુરત ખાતે જઈ આરોપીએ જે સાહેદને પોતાનો શર્ટ આપેલો તે શર્ટ આ તપાસ કરનાર અધીકારીએ કબજે કરેલ છે તે હકીકત પુરવાર થાય છે.

(૪૧) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૩૪ થી સાહેદ રઘુરાજસિંહ ઈન્દ્રસિંહ જાડેજાને આંક–૮૭ થી તપાસેલ છે જે તેની સરતપાસમા તા.૨–૧૨–૨૦૧૬ થી તા.૨૧–૭–૨૦૧૭ સુધી લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં પી.આઈ તરીકે ફરજ બજાવતો હતો, તા.૧૪–૭–૨૦૧૭ ના રોજ આશરે ૨૦–૦૦ વાગે પી.એસ.ઓ એ બનાવ બાબતે જાણ કરતા બનાવવાળી જગ્યાએ જઈ તપાસની કાર્યવાહી કરેલી, બનાવવાળી જગ્યાએ એક વ્યક્તિ મૃત હાલતમા પડેલ હતો, મરણ જનારની પાસે આધારકાર્ડ, પાનકાર્ડ વિગેરે દસ્તાવેજો પડેલ હતા, મરણ જનાર ૨૦ દિવસથી વડોદરા ખાતે પોતાની બહેનના ઘરે રહેતો હતો, મરણ જનારના વાલી વારસોનો સંપર્ક કરી બનાવવાળી જગ્યાએ બોલાવેલા , એફ.એસ.એલ અધીકારી તથા ફોટોગ્રાફરને બોલાવેલા, લાશનું ઈન્કવેસ્ટ ભરવા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને રીપોર્ટ કરેલ, લાશને કોલ્ડરૂમમા રાખવા તજવીજ કરેલ, ફરીયાદીની ફરીયાદી લઈ ગુનો રજીસ્ટર કરાવેલ, પી.એસ.ઓ તરફથી ગુનાની તપાસ મળતા ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ, ગુનાવાળી જગ્યાએથી મળી આવેલ આધારકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, એ.ટી.એમ કાર્ડ તથા આર.સી.બુક મરણ જનારના વાલી વારસોને પરત

સોંપેલ, એફ.એસ.એલ અધીકારીએ બનાવવાળી જગ્યાએ પડેલ લોહીના નમુનાનું કોટન થ્રેડ તથા સેમ્પલ કોટન થ્રેડ લઇ આપતા પ્લાસ્ટીકની થેલીમા મુકી તપાસ માટે કબજે કરેલ, મરણ જનારની થ્રી વ્હીલર ટ્રાઇસીકલ પર પડેલ લોહીના નમુના સેમ્પલો એફ.એસ.એલ અધીકારીએ મેળવેલ જે તપાસ માટે કબજે લીધેલ, પંચોની હાજરીમા લાશનું ઇન્કવેસ્ટ ભરેલ, મરણ જનારના પરીવારના સભ્યોના તેમજ બનાવવાળી જગ્યાની આજુબાજુના રહેવાસીઓના નિવેદનો લીધેલ, લાશ ઉપર રહેલ કપડા પંચનમામાની વિગતે કબજે લીધેલ, તપાસ દરમ્યાન આરોપીની પંચનામાની વિગતે અટક કરેલ,આરોપીએ બતાવેલ જગ્યાએ જઇ ગુનામા ઉપયોગમા લીધેલ ચપ્પુ પંચનામાની વિગતે કબજે લીધેલ, મરણ જનાર તથા આરોપી જે રસ્તા પરથી ટ્રાયસીકલ પર જતા હતા તે ગોત્રી પોલીસ સ્ટેશનના કેમેરા નંબર–૫ વાળી જગ્યા યશ કોમ્પ્લેક્ષના કેમેરામાં યશ કોમ્પ્લેક્ષ થી ઇસ્કોન હાઇટ્સ તરફ આવતા જણાયેલ જે મેળવવા તજવીજ કરેલ, મરણ જનારની લાશનું પી.એમ.કરવા યાદી લખેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, કોલ ડીટેલ્સ મેળવી તપાસના કામે સામેલ રાખેલ, મુદ્દામાલનું પૃથ્થકરણ કરવા રવાનગીનોંધ તૈયાર કરી એફ.એસ.એલ મા મોકલી આપેલ. ત્યારબાદ આ તપાસ કરનાર અધીકારીની બદલી થતા આગળની તપાસ એન.એ.વાઘેલાએ સંભાળી લીધેલ તેમ જણાવેલ છે. આ તપાસ કરનાર અધીકારીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, <u>આંક–૩૬ સીસી ટીવી ફુટેજનું પેન ડ્રાઇવમાંથી સીડી કરેલ અને તેમાંથી આંક–૮૨ મા બનાવ સ્થળે લાશના ફોટોગ્રાફ્સમા ૮/૧૭ તથા ૮/૧૮ તેમજ સીસી ટીવી ફુટેજના ફોટોગ્રાફ આંક–૮૯ ના ભારતીય પુરાવા અધીનિયમની કલમ ૬૫–બી ના સર્ટીફીકેટ મે સદર કામે મેળવેલ નથી, ફોજદારી કાર્યરીતિ અધીનિયમની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લીધેલ નથી, મરનાર સુરજભાન ઉપર દેવુ થઇ ગયેલ તેવુ ફરીયાદીએ તેની ફરીયાદીમા જણાવેલ, સુરજભાને કોની પાસેથી હાથ ઉછીના નાણા લીધેલા તેની તપાસ કરેલ નથી, મરણ જનારના સગાઓ પાસે મરણ જનારના લેણદારોની યાદી માંગેલ નથી,મરણ જનારને અમદાવાદ ખાતે</u>

દેવુ થઇ જતા થોડા સમય પહેલા વડોદરા આવેલો તથા અમદાવાદ ખાતે શુ ધંધો કરતો હતો તેની તપાસ કરેલ નથી, મરણ જનારનું એક્સીડેન્ટ થયેલ છે તેવી જાણ મરણ જનારના સગાઓને કરેલી, ગુનામા વપરાયેલ ચપ્પુ ઉપર કોના ફીંગર પ્રિન્ટ છે તે મેળવવા કોઇ તજવીજ કરેલ નથી. યશ કોમ્પ્લેક્ષથી ગુનાવાળી જગ્યા એક કી.મી થી દોઢ કી.મી ના અંતરે છે, યશ કોમ્પલેક્ષ થી અમીન પાર્ટી પ્લોટ વચ્ચે ઘણા બધા બીલ્ડીંગો જેવા કે હોસ્પીટલ તથા કોમર્શીયલ બીલ્ડીંગ બનાવેલા છે અને આ વચ્ચે પડતા બીલ્ડીંગોના સીસી ટીવી ફુટેઝ મેળવેલ નથી, પોલીસ સ્ટેશનમાં કે જી.ટી.પી.એલ ની ઓફીસમા સીસી ટીવી ફુટેઝ જોતી વખતનું પંચનામુ કરેલ નથી, ફરીયાદીમા મરનારના ખુન બાબતે કોઇ શંકા નથી તેવુ ખુલેલુ, સાહેદોએ કોઇની ઉપર શંકા નથી તેમ તેઓના નિવેદનોમા જણાવેલ, મરણ જનાર તથા આરોપી ટ્રાઇસીકલ ઉપર બેસીને જતા હતા તે નજરે જોયેલ હોય તેવા કોઇ સાક્ષી તપાસમા મળી આવેલ નથી, અમીન પાર્ટી પ્લોટના સીસી ટીવી ફુટેઝ મેળવેલ નથી સાહેદે સ્વૈચ્છાએ જણાવેલ છે કે ત્યા સીસી ટીવી નથી, અમીન પાર્ટી પ્લોટના સીક્યુટીરી ગાર્ડની પુછપરછ કરેલ નથી, ઇસ્કોન હાઉટ્સથી અમીન પાર્ટી પ્લોટના રસ્તે ઝુંપડપટ્ટી કે નર્સરી આવેલ છે કે કેમ તેની ખબર નથી, અમીન પાર્ટી પ્લોટની પાછળ આત્મજ્યોતી મંદીર આવેલ છે, હીન્દુ મંદીરોમા સાંજે સાત થી આઠ વચ્ચે આરતી થાય છે અને તે દરમ્યાન લોકોની અવર જવર હોય છે, આત્મજ્યોતી મંદીર ઉપર સીસી ટીવી કેમેરા લગાડેલ ન હોવાનો ઇન્કાર કરેલ છે, યશ કોમ્પલેક્ષથી અમીન પાર્ટી પ્લોટ વચ્ચે મોટી સંખ્યામાં વાહનો અવર જવર કરતા હોય છે, નજરે જોનાર સાહેદનું નિવેદન લીધેલ નથી, બનાવ વિશે જાણ કરનાર ઇસમનું નિવેદન લીધેલ નથી કે તેના મોબાઇલ લોકેશનની માહીતી પણ મેળવેલ નથી, કિરણસીંહ વાઘેલાએ તેના જવાબમાં કોઇ ઇસમ દારૂ પીને પડેલ છે તેવી વર્ધી આપેલી, સરકારી વાહનની લોગબુક મેળવેલ નથી, સંજય, પરેશ તથા મરણ જનારે તા.૧૪–૭–૨૦૨૧ ના રોજ ભેગા મળી દારૂ પીધેલો તેવી હકીકત તપાસમા ખુલેલી, જી.ટી.પી.એલ દ્વારા તા.૧૯–૭–૨૦૧૭ ના રોજ

<u>સીસી ટીવી ફુટેઝનો પત્ર લખેલો આ તમામ હકીકતો હકારાત્મક આવેલ છે.</u> આ તપાસ કરનાર અધીકારીની ઉપરોક્ત સરતપાસ તથા ઉલટતપાસમાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો સાહેદે તેની ઉલટતપાસમાં કબુલ કરેલ છે તેણે નજરે જોનાર સાહેદનું નિવેદન લીધેલ નથી તેમજ બનાવ સમયે મરણ જનાર તથા આરોપી ટ્રાઇસીકલ ઉપર બેસી જતા હોય તેવુ નજરે જોનાર સાહેદો તપાસમા મળી આવેલ નથી. આમ, આ બનાવ નજરે જોયેલ હોય તેવો કોઇ સાહેદો નથી તે હકીકત પુરવાર થાય છે તેમજ મરણ જનાર તથા આરોપી ટ્રાઇસીકલ ઉપર બેસીને જતા હોય તેવુ જોનાર પણ કોઇ સાક્ષી નથી તે હકીકત પુરવાર થાય છે.

(૪૨) ત્યારબાદ ફરીયાદીપક્ષે સાહેદ નંબર–૩૫ નરસિંહભાઇ આત્મારામભાઇ વાઘેલાને તપાસેલ છે જે તેની સરતપાસમા લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.આઇ આર.આઇ.જાડેજાની બદલી થતા તેમની જગ્યાએ તા.૧૭–૭–૨૦૧૭ ના રોજ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં પી.આઇ તરીકે હાજર થઇ ગુનાની તપાસ સંભાળેલ જેમા કંટ્રોલ વર્ધી લેનાર એ.એસ.આઇ ઉમેશભાઇ ચીમનલાલ, આત્મજ્યોતી મંદીરના મહંત કરણસીંહ રણછોડસીંહ વાઘેલાના નિવેદનો લીધેલા, ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરાવવા રીપોર્ટ કરેલો, અગાઉના તપાસ કરનાર અધીકારીએ તપાસના કામે કબજે લીધેલ મુદ્દામાલ રવાનગી પત્રક સાથે એફ.એસ.એલ મા મોકલેલ ત્યારબાદ આરોપી સામે પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલ તેમ જણાવેલ છે. આ તપાસ કરનાર અધીકારીની બચાવપક્ષે કરેલ ઉલટતપાસ જેમા આત્મજ્યોત મંદીરના મહંત કરણસિંહ રણછોડજી વાઘેલાએ નિખીલ તડવીના મોબાઇલ ફોનથી ફોન કરેલો, નિખીલ તડવીના મોબાઇલ ફોનની કોલ ડીટેલ્સ મેળવી કામમા સામેલ રાખેલ નથી, એક માણસ પીધેલ હાલતમા પડેલ છે તેવી હકીકત મહંત કરણસિંહના નિવેદનમાં ખુલેલી, તપાસના કામે સીસી ટીવી ફુટેઝ, ફીંગર પ્રિન્ટ્સ, મોબાઇલની સી.ડી.આર જેવા પુરાવા મેળવેલ નથી, ગુનાવાળી જગ્યાનો નકશો

કરવા તૈયાર કરવા યાદી કરેલી, માત્ર ચાર્જશીટ પુરતી તપાસ કરેલ છે તેમ જણાવેલ છે. આ તપાસ કરનાર અધીકારીની સરતપાસ તથા ઉલટતપાસમા આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો આ તપાસ કરનાર અધીકારીએ માત્ર બે સાહેદોના નિવેદનો લીધેલ છે, મુદ્દામાલ રવાનગીપત્રક સાથે એફ.એસ.એલ મા મોકલેલ છે, ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરાવવા રીપોર્ટ કરેલ છે તેમ સરતપાસમા જણાવેલ છે અને આ પુરાવાને સાહેદની ઉલટતપાસમાં બચાવપક્ષે પડકારેલ નથી તેથી સાહેદે ઉપરોક્ત બે સાહેદોના નિવેદનો લીધેલ છે, મુદ્દામાલ રવાનગીનોંધ સાથે એફ.એસ.એલ મા મોકલેલ છે તે હકીકતો પુરવાર થાય છે.

(૪૩) આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબ આ કામે મરણ જનાર તેની ટ્રાઇસીકલ ઉપર આરોપીને બેસાડીને જતો હતો અને ઇન્દીરાનગર ઝુપડપટ્ટીની પડતર જમીન ખાતે પેશાબ કરવા માટે મરણજનારે તેની એક્ટીવા ટ્રાઇસીકલ રોકેલ અને એક્ટીવા ઉપર બેસેલ હાલતમાં હતો તેમજ દારૂના નશામા પેશાબ કરતા કરતા આરોપીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલતો હોય આરોપીથી ગાળો સહન ન થતા તેણે મરણ જનારને ચપ્પુનો એક ઘા છાતીના ભાગે મારી મોત નિપજાવેલ છે. આરોપી ઉપર ફરમાવેલ આ તહોમતનામુ પુરવાર કરવા માટે ફરીયાદીપક્ષે તપાસેલ ઉપરોક્ત મૌખીક પુરાવામાં મરણ જનાર તેના એક્ટીવા ટ્રાઇસીકલ ઉપર બેસીને જતા જોયેલ હોય તેવુ એક પણ સાહેદે તેઓના પુરાવામાં જણાવેલ નથી. ફરીયાદપક્ષે સાહેદ નંબર-૩૪ થી તપાસેલ તપાસ કરનાર અધીકારીએ તેની સરતપાસમાં મરણ જનાર તથા આરોપી ટ્રાઇસીકલ ઉપર બેસીને જતા હતા તે જગ્યા જે યશ કોમ્પલેક્ષ થી ઇસ્કોન હાઇટ્સ તરફ આવતા જણાયેલ તેના ફુટેઝના ફોટોગ્રાફ્સ આંક-૮૯ થી રજુ કરેલ છે. આ સીસી ટીવી ફુટેઝના ફોટોગ્રાફ્સ અંગે ભારતીય પુરાવા અધીનિયમની કલમ ૬૫-બી મુજબનું સર્ટીફીકેટ મેળવેલ નથી તેમ આ તપાસ કરનાર અધીકારીએ તેની ઉલટતપાસમા કબુલ કરેલ છે. બચાવપક્ષે તેમની લેખીત દલીલમા આ

અંગે એવી તકરાર લીધેલ છે કે મરણ જનાર અને આરોપીને સાથે જોયેલ હોય તે માટે ફરીયાદપક્ષ પાસે માત્ર સીસી ટીવી કુટેઝ છે અને આ સીસી ટીવી કુટેઝના ફોટોગ્રાફ્સ રજુ કરેલ છે પરંતુ તે ફોટોગ્રાફ્સ અંગે પુરાવા અધીનિયમની કલમ ૬૫–બી મુજબનું સર્ટીફીકેટ રજુ કરેલ ન હોય સદરહુ પુરાવો પુરાવામા ગ્રાહ્ય નથી તેથી મરણ જનાર અને આરોપી છેલ્લે એકસાથે હતા તે હકીકત પુરવાર થતી નથી. બચાવપક્ષે આ રજુઆતના સમર્થનમાં Ravinder Singh @ Kaku Vs. State Of Punjab, 2022 AIJEL-SC 69207 ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. સદરહુ ચુકાદામા નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંત પર આધાર રાખેલ છે. સદરહુ ચુકાદો વંચાણે લેતા તેમા નામદાર સુપ્રીમ કોર્ટે 2020 (0) AIJEL–SC 66369, SUPREME COURT OF INDIA Arjun Panditrao Khotkar Versus Kailash Kushanrao Gorantyal ના ચુકાદામા ઠરાવેલ સિધ્ધાંત અનુસરેલ છે જે ચુકાદામા નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે **59.** We may reiterate, therefore, that the certificate required under Section 65B(4) is a condition precedent to the admissibility of evidence by way of electronic record, as correctly held in Anvar P.V. (supra), and incorrectly "clarified" in Shafhi Mohammed (supra). Oral evidence in the place of such certificate cannot possibly suffice as Section 65B(4) is a mandatory requirement of the law. Indeed, the hallowed principle in Taylor v. Taylor (1876) 1 Ch.D 426, which has been followed in a number of the judgments of this Court, can also be applied. Section 65B(4) of the Evidence Act clearly states that secondary evidence is admissible only if lead in the manner stated and not otherwise. To hold otherwise would render Section 65B(4) otiose. આ કેસમાં સીસી ટીવી કુટેઝ અસલ રજુ કરેલ નથી તેના ફોટોગ્રાફ્સ આંક-૮૯ થી રજુ કરેલા છે તેથી સદરહુ પુરાવો ગૌણ પુરાવો છે અને જ્યારે ગૌણ પુરાવો રજૂ કરેલ હોય ત્યારે પુરાવા અધીનિયમની કલમ ૬૫-બી મુજબનું સર્ટીફીકેટ આવશ્યક છે. તપાસ કરનાર અધીકારીએ તેની ઉલટતપાસમા કબુલ કરેલ છે કે આંક–૩૬ સીસી ટીવી કુટેજનું પેન ડ્રાઈવમાંથી સીડી કરેલ અને તેમાંથી આંક–૮૨ મા બનાવ સ્થળે લાશના ફોટોગ્રાફ્સમા

૮/૧૭ તથા ૮/૧૮ તેમજ સીસી ટીવી ફુટેજના ફોટોગ્રાફ આંક–૮૯ ના ભારતીય પુરાવા અધીનિયમની કલમ ૬૫–બી ના સર્ટીફીકેટ મે સદર કામે મેળવેલ નથી. આ ઉપરાંત મરણ જનાર તથા આરોપી ટ્રાઈસીકલ ઉપર બેસીને જતા હતા તે નજરે જોયેલ હોય તેવા કોઈ સાક્ષી તપાસમા મળી આવેલ નથી તેમ પણ કબુલ છે. આથી મરણ જનાર તથા આરોપી મરણ જનારની ટ્રાઈસીકલમા જતા જોયેલ તેવુ ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવામા આવેલ નથી તેમજ તે હકીકત અંગે રજૂ થયેલ ફોટોગ્રાફ્સ અંગે ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૬૫–બી મુજબનું સર્ટીફીકેટ રજુ થયેલ નથી તેથી સીસી ટીવી ફુટેઝના ફોટોગ્રાફ્સનો પુરાવો ગૌણ પુરાવા તરીકે પણ ગ્રાહ્ય નથી. આથી મરણ જનાર અને આરોપીને મરણ જનારના ટ્રાઈસીકલ ઉપર જતા હતા તે હકીકત પુરવાર થતી નથી.

(૪૪) ત્યારબાદ ફરીયાદપક્ષના પુરાવામાં ગુનામા વપરાયેલ ચપ્પુ આરોપી પાસેથી મળી આવેલ છે અને સદરહુ ચપ્પુ ઉપર મરણ જનારના લોહીના ડાઘ મળી આવેલ છે તે અંગે જોઈએ તો સૌ પ્રથમ આંક–૨૯ થી તપાસેલ પંચના પુરાવામાં આરોપીએ બતાવેલ કપડા તથા ચપ્પુ તેની હાજરીમા પોલીસ દ્ધારા કબજે કરેલ છે તેમ જણાવેલ હોય અને સદર હકીકત સદરહુ પંચના પુરાવાથી પુરવાર થયેલ છે પરંતુ આ ગુનાના કામે મરણ જનારને તેના છાતીના ભાગે ચપ્પુ મારી મરણ જનારનું ખુન કરેલ હોવાનો આરોપી ઉપર આક્ષેપ છે અને સદર હકીકત પુરવાર કરવા માટે કોઈ નજરે જોનાર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી તેથી ફરીયાદપક્ષનો કેસ સાંયોગીક પુરાવા પર આધારીત છે. સીસી ટીવી ફુટેઝના આધારે આરોપી, મરણ જનારની ટ્રાઈસીકલ ઉપર બેસીને જતા હતા તેવો ફરીયાદપક્ષનો કેસ છે પરંતુ ઉપર ચર્ચા કરી તે મુજબ સદર હકીકત પુરવાર થયેલ નથી. આમ જ્યારે ફરીયાદપક્ષનો કેસ સાંયોગીક પુરાવા પર આધારીત હોય ત્યારે દરેક સંજોગો કડીબધ્ધ રીત પુરવાર થવા આવશ્યક છે. ફરીયાદપક્ષના પુરાવામાં પંચના પુરાવાથી આરોપીના ઘરેથી આરોપીએ ચપ્પુ

તથા કપડા કાઢી આપેલ તે હકીકત પુરવાર થયેલ છે અને તે ચપ્પા ઉપર લોહીના ડાઘ હતા જે લોહી મરણ જનારના બ્લડના ડાઘ છે તેવુ એફ.એસ.એલ રીપોર્ટમાં આવેલ છે પરંતુ મરણ જનાર તથા આરોપી મરણ જનારની ટ્રાઇસીકલમા સાથે જતા હતા તે રીતે મરણ જનાર તથા આરોપીને સાંકળતા પુરાવામા માત્ર સીસી ટીવી ફુટેઝના ફોટોગ્રાફ્સ છે જે અંગે ઉપર ચર્ચા કરી તે મુજબ સદર હકીકત પુરવાર થયેલ નથી. આથી સાંયોગીક પુરાવાની સાંકળ સમગ્ર રીતે પુરવાર થતી ન હોય માત્ર ડીસ્કવરી આધારે મળી આવેલ પુરાવા ઉપર આધાર રાખી આરોપીને કસૂરવાન ઠરાવી શકાય નહી. આ સીવાય આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. આથી આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિસ્ફળ ગયેલ છે તેમ મારૂ માનવુ છે. આથી મુદ્દા નંબર-૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નંબર-૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ.

આરોપી આકાશ ઉર્ફે માનીયા ડોન ઉર્ફે ખાન હસમુખભાઈ આડતીયાને ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨ તથા જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુનાઓમા ફોજદારી કાર્યરીતિ અધીનિયમની કલમ ૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપી નિર્દોશ ઠરાવી છોડી મુકવામા આવે છે.

આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૨૫,૦૦૦/ અંકે રૂપીયા પચ્ચીસ હજારના જામીન આપવા.

મુદ્દામાલ અંગે જો વચગાળાનો કોઇ હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ રાખવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૧, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી કોર્ટમા મારી સહિ કરી જાહેર કર્યો.

તારીખ ૧૧-૦૯-૨૦૨૪
વડોદરા

સલીમ બી.મનસુરી
છઠ્ઠા એડી.સેસન્સ જજ,વડોદરા
જીજે૦૦૬૯૮